**તેજી હોય કે પછી મંદી**

બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી, નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક

**ધી ઇકોનોમિક રેવલ્યૂશન**

ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ

વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in

email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi



Nirmal Metro Daily, Ahmedabad

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

નિર્મલ મેટ્રો, લગભગ એક કરોડ ઈ મેઈલમાં મોકલવામાં આવે છે

# નિર્મલ મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

NIRMAL METRO

Monday
04.02.2019
Year 07, Issue 30

દૈનિક

● વર્ષ : ૭ ● અંક : ૩૦ ● તા.૦૪.૦૨.૨૦૧૯ સોમવાર ● પોષ અમાસ ● સં. ૨૦૭૫ ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●


ઘાયલ થયેલા ૩૪થી વધુ લોકો પૈકી અનેકની હાલત ગંભીર

# બિહારમાં ટ્રેન દુર્ઘટના : સિમાંચલ એક્સપ્રેસ ખડી પડતા સાતના મોત

## બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ : રેલ ટ્રેક તુટી જવાના કારણે દુર્ઘટના સર્જાઈ હોવાનો પ્રાથમિક મત : પાંચ લાખના વળતરની જાહેરાત



એજન્સી દ્વારા
પટણા, તા. ૩

બિહારના વૈશાલી જિલ્લામાં સહદોઈ બુજુર્ગ નજીક દિલ્હી જતી સિમાંચનલ એક્સપ્રેસ (૧૨૪૮૭) પાટા પરથી ઘડી પડતા મોટી ટ્રેન દુર્ઘટના થઇ હતી. હાજીપુરમાં વહેલી પરોઢે થયેલી આ ટ્રેન દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૭ યાત્રીઓના મોત થયા છે અને ૩૬થી વધુ યાત્રીઓ ઘાયલ થયા છે જે પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે જેથી મોતનો આંકડો વધવાની દહેશત દેખાઈઆ રહી છે. સિમાંચલ એક્સપ્રેસના ૧૧ કોચ આજે અકસ્માત બાદ પાટા પરથી ઘડી પડ્યા હતા જેથી પ્રવાસીઓના મોત થયા હતા. દુર્ઘટનાગ્રસ્ત વિસ્તાર ઈસ્ટ સેન્ટ્રલ રેલવેના સોનપુર ડિવિઝનના અધિકાર ક્ષેત્રમાં આવે છે જે રાજ્યના પાટનગર પટણાથ ૫૦ કિલોમીટરના અંતરે છે. ઘાયલ થયેલા તમામ લોકોને તરત જ નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. ટ્રેન ખડી પડવા માટેના કારણોમાં તપાસ ચાલી રહી છે પરંતુ એમ માનવામાં આવે છે કે, રેલવે ટ્રેકમાં પ્રાથમિકરીતે ક્રેક નજરે પડી છે. અકસ્માતમાં તપાસનો આદેશ કરવામાં આવ્યો છે. સીઆરએસ ઈસ્ટર્ન ઝોનના લતિફ ખાન દ્વારા આ મામલામાં તપાસ કરવામાં આવનાર છે. મુખ્યમંત્રી નીતિશકુમાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ટ્રેન દુર્ઘટના અંગે દુખ વ્યક્ત કરીને ઘાયલ થયેલા લોકોને ઝડપથી રિકવરી માટે આદેશો જારી કર્યા છે. સોનપુર ડિવિઝનથી મળેલી માહિતી મુજબ પાટા તુટી ગયા હોવાના લીધે આ દુર્ઘટના સર્જાઈ હતી જેમાં ભાંગફોડની આશંકા પણ દેખાઈ રહી છે. હાજીપુર-બછવાડા રેલવે સેક્શન વચ્ચે સહદોઈ સ્ટેશન નજીક અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો પ્રચંડ હતો કે, ઘડી પડેલા કોચ એકબીજા ઉપર ચડી ગયા હતા. વહેલી પરોઢે ૩.૫૨ વાગે આ ટ્રેન દુર્ઘટના સર્જાઈ હતી. જોગબનીથી નવી દિલ્હીના આનંદવિહાર ટર્મિનલ તરફ જઈ રહેલી સિમાંચલ એક્સપ્રેસ દુર્ઘટનાગ્રસ્ત થઇ હતી. ત્રણ સ્લીપર ક્લાસ એસ-૮, એસ-૯, એસ-૧૦, એસી બી-૩ કોચ સહિત ૧૧ કોચ પાટા પરથી ઘડી પડ્યા હતા. યાત્રીઓમાં બૂમાબૂમ મચી ગઈ હતી. રેલવે મંત્રાલય તરફથી કહેવામાં આવ્યું છે કે, સાત લોકોના મોતના અહેવાલને સમર્થન મળી ચુક્યું છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે તરત હાથ ધરવામાં આવી હતી. રેલવે અકસ્માતને લઇને રેલવે દ્વારા તરત જ વળતરની જાહેરાત કરવામાં આવી હતી. મૃતકોના પરિવારને પાંચ લાખ રૂપિયા, ગંભીરરીતે ઘાયલ થયેલાઓને એક લાખ રૂપિયા અને નજીવી ઈજા પામેલા લોકોને ૫૦૦૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી છે. સાથે સાથે તમામ મેડિકલ ખર્ચ રેલવે ઉપાડશે. સોનપુર અને બરોનીથી તબીબોની ટુકડી પણ તરત મોકલવામાં આવી હતી. બચાવ સામગ્રી પણ તરત મોકલવામાં આવી હતી. કેટલાક યાત્રીઓને ગંભીર ઈજા થઇ હતી. ટ્રેન અકસ્માતના કારણે હાજીપુર રુટ પરની ટ્રેન સેવા રદ કરવામાં આવી હતી. લોકોની માહિતી માટે તરત હેલ્પલાઈન નંબરો પણ જારી કરવામાં આવ્યા હતા. સહદોઈ સ્ટેશન વચ્ચે અકસ્માત થયા બાદ આ રુટ પરની તમામ પેસેન્જર ટ્રેનો રદ કરવામાં આવી હતી. કેટલીક ટ્રેનોને ડાયવર્ટ કરવામાં આવી હતી. ડાઉન ટ્રેનોને પટણા-મોકામા-બરોની જંક્શનના રસ્તે ડાયવર્ટ કરવામાં આવી હતી. ઉત્તરપ્રદેશથી છપરા જતી મુઝફ્ફરપુર-છપરાના રસ્તે ડાયવર્ટ કરવામાં આવી છે.

રેલવેમંત્રી પીયુષ ગોયેલે પણ અકસ્માત અંગે દુખ વ્યક્ત કરીને હેલ્પલાઈન નંબરોની માહિતી આપી છે. રેલવે બોર્ડના સભ્યો અને ઈસીઆરના જીએમથી સંપર્કમાં છે. ગોયેલે કહ્યું છે કે, માસુમ લોકોના મોતને લઈને તેઓ આઘાતમાં છે. મામલામાં તપાસ હાથ ધરવામાં આવ્યા બાદ કારણો જાણી શકાશે. બચાવ અને રાહત કામગીરી ખુબ ઝડપથ હાથ ધરવામાં આવ્યા બાદ આને પૂર્ણ કરી લેવામાં આવ્યું છે પરંતુ અસરગ્રસ્ત ટ્રેક પર સમારકામને હજુ સમય લાગી શકે છે. જોગબનીથી આ ટ્રેન રવાના થઇ હતી અને પોતાના નિર્ધારિત રુટ ઉપર આગળ વધી રહી હતી.



ફિલિપાઈન્સના ઉબે ટાપુ પર દરરોજ ૪ કલાક ભરતી આવે છે. જેનાથી નજીકનાં ઘરોમાં ઘૂંટણ સુધી પાણી ભરાઈ જાય છે. વર્ષમાં ૧૩૦ દિવસ આવી જ સ્થિતિ રહે છે છતાં અહીંના લોકો ટાપુ છોડવા તૈયાર નથી. આશરે ૨૦૦ લોકોની વસતી છે. તેમનું માનવું છે કે અહીં શાંતિ અને નિરાંત છે. અહીં વસવાથી કોઈ તણાવ થતો નથી. ટાપુ પર તાજી માછલીઓ મળી જાય છે. તેને વેચીને જીવન જરૂરિયાત પૂરી કરે છે. ત્યાંના રહેવાસીઓનું કહેવું છે કે, અહીં જીવન સારી રીતે પસાર થઈ રહ્યું છે. અમારા માટે આનાથી સારી કોઈ જગ્યા નથી.

હેલિકોપ્ટર ઉતરાણની મંજુરી મમતાએ ન આપી

# મમતાની સરકારનું ચોક્કસ પતન થશે : યોગીની ખાતરી

## પશ્ચિમ બંગાળમાં યોગીના હેલિકોપ્ટરને ઉતરાણની મંજુરી ન મળતા યોગીએ આખરે ફોન ઉપર રેલીને સંબોધન કર્યું



એજન્સી દ્વારા
લખનૌ, તા. ૩

ભાજપ પ્રમુખ અમિત શાહ બાદ પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકારે હવે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના હેલિકોપ્ટરને પણ ઉતરાણ કરવાની તક આપી ન હતી જેના પરિણામ સ્વરુપે દેશભરમાં ભારે હોબાળો થઇ ગયો છે. મમતા બેનર્જીની ચારેબાજુ વ્યાપક નિંદા થઇ રહી છે. યોગી આદિત્યનાથના હેલિકોપ્ટરને ઉતરાણ કરવાની મંજુરી ન મળતા સ્થળ ઉપર રેલી યોજી શકાય ન હતી પરંતુ યોગી આદિત્યનાથે લખનૌમાં ફોન ઉપર બેસીને આ રેલીને સંબોધન કર્યું હતું અને મમતા બેનર્જી સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. યોગીએ કહ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જી આડેધડ શાસન ચલાવી રહ્યા છે. લોકશાહીની મજાક બનાવી દીધી છે. ભાજપના કાર્યકરો ખુબ જ સફળતાપૂર્વક લડત મમતા બેનર્જીની સરકાર સામે ચલાવી રહ્યા છે. યોગીએ દાવો કર્યો હતો કે, બંગાળ અને દેશના લોકો મમતા બેનર્જીની ગતિવિધિને નિહાળી રહ્યા છે. બંગાળમાં ચોક્કસપણે ભાજપ સરકાર બનશે તેવો દાવો કરતા યોગીએ કહ્યું હતું કે, આગામી દિવસોમાં ભાજપ કાર્યકરો સાથે સ્થાનિકરીતે મેદાનમાં ચોક્કસપણે ઉતરશે. યોગીએ કાર્યકરોને ખાતરી આપી હતી કે, આવનાર દિવસોમાં ચોક્કસપણે બંગાળ આવશે અને કાર્યકરો સાથે રહીને મમતાને જવાબ આપવામાં આવશે. જો કે, ફોન ઉપર પોતાના સંબોધન દરમિયાન યોગીએ તેજાબી પ્રહારો કર્યા હતા. સાથે સાથે યોગીએ મોદી સરકારની એક પછી એક લોકલક્ષી યોજનાઓનો ઉલ્લેખ કર્યો હતો. યોગીએ એમ પમ ક્હયું હતું કે, મમતા બેનર્જી હવે ભાજપની વધતી જતી લોકપ્રિયતાથી ગભરાઈ ગયા છે જેથી હિંસા ઉપર ઉતરી આવ્યા છે. શનિવારના દિવસે વડાપ્રધાન મોદીના કાર્યક્રમ વેળા પણ બેનરોને લઈને તોડફોડ કરવામાં આવી હતી. આ પહેલા ભાજપ પ્રમુખ અમિત શાહની માલ્દા રેલીને મંજુરી મળી ન હતી. યોગી આદિત્યનાથે સંપૂર્ણ શાંતિ જાળવી રાખવા માટે ભાજપના કાર્યકરોને અપીલ કરી હતી. બીજી બાજુ મુખ્યમંત્રીની ઓફિસ તરફથી જણાવવામાં આવ્યું છે કે, બંગાળ સરકારને રેલીને લઇને વાત કરવામાં આવી ન હતી. કોઇપણ નોટિસ વગર રેલીની મંજુરી ફગાવી દીધી હોવાનો દાવો બીજી બાજુ ભાજપના કાર્યકરો દ્વારા કરાયો છે. સ્તાનિક ભાજપના કાર્યકરો આજે ભારે લાલઘૂમ દેખાયા હતા. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અને બંગાળ ભાજપના પ્રદેશ પ્રભારી કૈલાશ વિજય વર્ગીય દ્વારા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સભા માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા હેલિકોપ્ટર ઉતારણની મંજુરી ન અપાતા વ્યાપક નિંદા કરી છે. કૈલાશવિજય વર્ગીય દ્વારા જણાવવામાં આવ્યું છે કે, લોકશાહીમાં પણ કોઇપણ રાજકીય પક્ષની ગતિવિધિઓને રોકવા માટે કોઈને અધિકાર નથી. મમતાના આ કૃત્યની તમામ લોકો નિંદા કરી રહ્યા છે. ત્રણ દિવસથી સભાની મંજુરી માંગવામાં આવી હતી. હેલિકોપ્ટર ઉતારણની પરવાનગી પણ માંગવાં આવી હતી. સભાની મંજુરી મળી ગઈ હતી. કારણ કે આ રેલવેની જમીન હતી.

લોકાર્પણ માટે પણ આવશે : મોદીએ દાવો કર્યો

# લેહ એરપોર્ટ પર ટર્મિનલનું મોદી દ્વારા શિલાન્યાસ થયું

## લેહ-લડાખ અને કારગિલના વિકાસ માટે સરકાર કટિબદ્ધ

એજન્સી દ્વારા
લેહ, તા. ૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જમ્મુ કાશ્મીરના લેહમાં પહોંચ્યા બાદ લેહ એરપોર્ટના નવા ટર્મિનલનું શિલાન્યાસ કરીને કહ્યું હતું કે, આજે શિલાન્યાસ કરવામાં આવ્યું છે. લોકાર્પણ કરવા માટે પણ તમામ લોકોના આશીર્વાદથી તેઓ પોતે જ આવશે. આ પ્રકારના દાવા કરીને મોદીએ વિરોધ પક્ષોમાં વધુ એક ચર્ચા જગાવી હતી. લેહ એરપોર્ટના નવા ટર્મિનલ ઈમારતનું શિલાન્યાસ આજે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને મોદીએ કહ્યું હતું કે, લોકોના આશીર્વાદથી લોકાર્પણ વિધિ પણ તેઓ જ કરશે. ત્રણ દશક પહેલા આ એરપોર્ટની ઈમારત બનાવવામાં આવી હતી. સમયની સાથે આધુનિકીકરણ તરફ ધ્યાન આપવામાં આવ્યું ન હતું. આજે નવી ટર્મિનલ બિલ્ડિંગનું શિલાન્યાસ કરવામાં આવ્યું હતું. વહેલી તકે લોકાર્પણ કરવાની ખાતરી આપવામાં આવી હતી. લેહ-લડાખ અને કારગિલના વિકાસમાં કેન્દ્ર સરકાર ઝડપથી આગળ વધી રહી છે. દેશના દરેક વિસ્તારાં પહોંચ્યા હોય તેવા એકમાત્ર વડાપ્રધાન હોવાનો દાવો પણ મોદીએ કર્યો હતો. અધિકારીઓને નજીકથી સમજે છે અને તેમના અનુભવનો લાભ લેવા માટે પણ કટિબદ્ધ છે. બિલાસપુર-મનાલી-લેહ રેલવે લાઈન ઉપર સર્વેનં કામકાજ થઇ ચુક્યું છે. અનેક જગ્યાઓ ઉપર કામ શરૂ થઇ ચુક્યું છે. રેલ લાઈન બની ગયા બાદ લેહ અને દિલ્હી વચ્ચે અંતર ખુબ ઘટી જશે. તેમનો માહિતી મળી છે કે, લેહ-લડાખમાં ત્રણ લાખ પ્રવાસી આવ્યા હતા. આશરે એક લાખ કારગિલ પણ પહોંચ્યા હતા. એટલે કે કાશ્મીર આવનાર પ્રવાસીઓ પૈકીના અડધા લેહમાં પણ પહોંચ્યા હતા. કારગિલ ટ્યુરિઝમ હબ બનીને ઉભરશે તેવી વાત તેમણે કરી હતી. ૨૨૦ કેવી ટ્રાન્સમિશન લાઈનનું ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું હતું. ૪૮૦ કરોડના ખર્ચે એરપોર્ટ ટર્મિનલની ઈમારત બનશે.

કરોડો લોકો પહેલાથી જ કુંભ પહોંચી ચુક્યા હોવાનો તંત્રનો દાવો

# મહાકુંભ : મોની અમાસના દિને આજે કરોડો શ્રદ્ધાળુ સ્નાન કરશે

## કોઈપણ અંધાધૂંધી નહીં ફેલાય તે માટે જોરદાર આયોજન કરાયું : જુદા જુદા ઘાટ ઉપર પણ તમામ તૈયારી : વહેલી પરોઢથી બીજા શાહી સ્નાનની શરૂઆત



એજન્સી દ્વારા
પ્રયાગરાજ,તા. ૩

પ્રયાગરાજમાં ચાલી રહેલા કુંભ મેળામાં આવતીકાલે મોની અમાસ અથવા તો બીજા શાહી સ્નાનમાં કરોડો લોકો ઉમટી પડે તેમ માનવામાં આવે છે. મોની અમાસના દિવસે જ સૌથી વધુ સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચનાર છે. જુદા જુદા ઘાટ ઉપર અભૂતપૂર્વ તૈયારી કરી લેવામાં આવી છે. કોઈ પણ પ્રકારની અંધાધૂંધી ન ફેલાય તે માટે પણ આયોજન કરવામાં આવ્યું છે. રેલવે સ્ટેશન, જુદા જુદા ઘાટ, કુંભમાં છાવણીઓ અને અન્યત્ર પોલીસ ટુકડીઓ તૈનાત થઇ ચુકી છે. સાધુ-સંતો અને સામાન્ય લોકો કુંભમાં પવિત્ર ડુબકી લગાવવા માટે સજ્જ છે. વહેલી પરોઢે ચાર વાગ્યાથી શાહી સ્નાનની શરૂઆત થશે. ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં અભૂતપૂર્વ સુરક્ષા, ઉત્સાહ તેમજ શ્રદ્ધા વચ્ચે મહાકુંભ ૨૦૧૯ની ઉત્તારાયણના દિવસે શરૂઆત થઇ હતી.ત્યારબાદથી ભારે ઉત્સાહ વચ્ચે કુંભ જારી છે. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં આયોજિત કરવામાં આવેલા મહાકુંભની અનેક વિશેષતાઓ રહેલી છે. સંગમ ઉપર ત્રિવેણી ઘાટ પાસે આનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રયાગરાજમાં કુંભનું નામ આવતાની સાથે જ યમુના, ગંગા અને સરસ્વતીના પાવન ત્રિવેણી સંગમની બાબત માનસિક ચિત્ર ઉપર આવી જાય છે. આ પવિત્ર સંગમ સ્થળ ઉપર ડુબકી લગાવવા માટે દેશ અને દુનિયાભરમાંથી શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા છે. એવી માન્યતા રહેલી છે કે આધ્યાત્મિક શહેરમાં ડુબકી લગાવીને શ્રદ્ધાળુઓ જુદા જુદા પાપમાંથી મુક્તિ મેળવે છે. કુંભ મેળા ૨૦૧૯માં આવનાર શ્રદ્ધાળુઓની સુવિધા માટે રેલવે દ્વારા ૮૦૦ સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવી રહી છે. આ તમામ ટ્રેનો જુદા જુદા સ્ટેશનોથી પ્રયાગરાજની વચ્ચે દોડાવવામાં આવી રહી છે. આ ટ્રેનો સામાન્ય ટ્રેનો ઉપરાંતની ટ્રેનો છે. કુંભ મેળામાં આવનાર શ્રદ્ધાળુઓ અને ટ્યુરિસ્ટો માટે દેશના દરેક રેલવે ઝોનથી છ સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે.અલ્હાબાદ જંક્શન પર ૧૦૦૦૦ યાત્રીઓને ગોઠવી શકાય તે માટે ચાર મોટા ગેસ્ટ હાઉસ બનાવવામાં આવ્યા છે. અહીં વેન્ડિંગ સ્ટોલ, વોટર બૂથ, ટિકિટ કાઉન્ટર, એલસીડી ટીવી, સીસીટીવી કેમેરા, મહિલા અને પુરુષો માટે અલગ અલગ શૌચાલયો બનાવવામાં આવ્યા છે. આ વખતે કુંભ મેળાને વધારે ભવ્ય બનાવવા માટે યોગી સરકાર દ્વારા ખાસ પગલા લેવામાં આવ્યા છે.હવે ચોથી માર્ચ સુધી આનું આયોજન રહેશે. કુંભને લઈને છેલ્લા ઘણા મહિનાથી પ્રયાગરાજમાં તૈયારી ચાલી રહી હતી.

કુંભને નિહાળવા અને તેના મહત્વને સમજવા માટે અનેક વખત પહોંચવાથી અને તેને સમજવાથી આધ્યાત્મિક મહત્વ સમજાય છે. કુંભના ઈતિહાસની વાત કરવામાં આવે તો આ વિષયમાં ચોક્કસપણે કોઇ વિશેષ પ્રાચીન શાસ્ત્રીય સંદર્ભનો ઉલ્લેખ મળતો નથી પરંતુ પૌરાણિક માન્યતાઓ તેની સાથે જોડાયેલી છે જેમાં ગ્રહોની વિશેષ સ્થિતિ થવા પર કુંભના સંકેત મળે છે. સ્કંદપુરાનમાં આનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમા ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જયારે અમૃતપૂર્ણ કુંભને લઈને દેવતાઓ અને દૈત્યો વચ્ચે સંઘર્ષ થયું હતું ત્યારે ચંદ્રએ આ અમૃત કુંભમાંથી અમૃતને છલકી જવાથી બચાવી લવાના પ્રયાસ કર્યા હતા અને રક્ષણ કર્યું હતું. સૂર્ય દેવતાએ તે વખતે અમૃત કુંભ તુટી ન જાય તે માટે પ્રયાસો કર્યા હતા. દેવગુરુ બ્રહસ્પતિએ રાક્ષસોથી રક્ષણ કરીને આ કુંભ તેમના હાથમાંથી જવાથી રોકવામાં સફળતા મેળવી હતી. આજ કારણસર દેવતાઓ અને રાક્ષસો વચ્ચેની લડાઈમાં જે જે જગ્યાએ અને જે જે દિવસે અમૃતના ટીપા પડી ગયા હતા ત્યાં ત્યાં એજ સ્થળો પર કુંભનું આયોજન કરવામાં આવે છે. હરિદ્વાર, પ્રયાગરાજ, ઉજ્જૈન અને નાસિકમાં આનું આયોજન કરવામાં આવે છે.

નિર્મલ મેટ્રો

## તંત્રીની કલમે....

હાલમાં જે બજેટ રજૂ થયું તે ચૂંટણી લક્ષી બજેટ હેવું સ્પષ્ટ તરી આવે છે. બજેટમાં લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને બધા વર્ગને રાજી રાખવાની મથામણ સાફ દેખાય છે પણ એ મથામણ અધૂરા મનની છે તેના કારણે એકદમ ઓળઘોળ થઈ જવાય એવું બજેટ બની શક્યું નથી.મોદી સરકારે મધ્યમ વર્ગ અને નોકરિયાતો, ખેડૂતો, કામદારો, સિનિયર સિટીઝન્સ એમ બધાંને થોડી ઘણી રાહતો આપીને રાજી કરવા મથામણ કરી છે એ કબૂલવું પડે. અલબત્ત આ રાહતો એવી નથી કે જેના કારણે લોકોને બહુ મોટો ફાયદો થાય એ પણ કબૂલવું પડે. દેશની આર્થિક સ્થિતિને જોતાં અને ખર્ચ માટે સંરક્ષણ જેવાં અનેક પાસાંની પ્રાયોરીટી છે, દેશના વિકાસ માટે હજુ ઘણી યોજનાઓ આવવાની છે, તે સામે હાલમાં આપણી આર્થિક હાલત પતલી છે તેથી મોદી સરકારના હાથ બંધાયેલા છે તેથી એ છૂટા હાથે લહાણી કરી શકે એવી હાલત પણ નહોતી તેથી જેટલું થાય એટલું કર્યું પણ એ પૂરતું નથી. લોકસભાની ચૂંટણી માથે છે ત્યારે મોદી સરકાર લોકો પર બરાબર વરસશે ને અત્યાર લગીની બધી કસર પૂરી કરી નાંખશે એવી આશા રાખીને સૌ બેઠેલાં. એ આશા ફળી નથી ને એકંદરે બધાંને રાજી કરવા જતાં કોઈ રાજી ના થાય એવો ઘાટ થઈને ઊભો રહી ગયો છે.કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે અત્યાર લગી જે બજેટ રજૂ કરેલાં એ બધાંમાં લોકોને ખંખેરવાની વાતો હતી. આ વખતે પહેલી વાર નાનકડી તો નાનકડી રાહતો આપવાની કોશિશ કરાઈ છે. એ રીતે જોઈએ તો આ બજેટ અગાઉનાં બજેટ કરતાં બહેતર છે તેમાં શંકા નથી મોદી સરકારે કરેલી ચાલાકીઓમાં ઊડીને આંખે વળગે એવી ને મોદી સરકાર જેમાં પકડાઈ ગઈ એવી ચાલાકી વ્યક્તિગત આવકવેરા અંગેની જાહેરાતની છે. તમામ નોકરિયાતોને ખરેખર જે જાહેરાતનો લાભ થશે એ સ્ટાન્ડર્ડ ડિડક્શનની રકમમાં કરાયેલો ૧૦ હજાર રૂપિયાનો વધારો છે. આ રકમ પહેલાં ૪૦ હજાર હતી ને તેમાં વધારો કરીને હવે ૫૦ હજાર કરાઈ છે. આ વધારાના કારણે બધા વર્ગના નોકરિયાતોને નાનો તો નાનો પણ ફાયદો થશે જ. મોદી સરકારે આ બજેટમાં બીજા વર્ગોને નાની નાની જે રાહતો આપી છે એ પણ આવી નક્કર છે. ખેડૂતોને વર્ષે ૬૦૦૦ રૂપિયાની સહાય આપવાની જાહેરાત એવી જ છે. આ માટે મોદી સરકારે ૨ હેક્ટર એટલે કે ૧૨ વીઘા જમીનની મર્યાદા રાખી છે એ જોતાં ખેડૂતોનો મોટો વર્ગ આ યોજના હેઠળ આવી જશે. આ રકમ સીધી ખેડૂતોના ખાતામાં જશે એટલે તેમને સીધો ફાયદો થશે.સ્વાભાવિક રીતે જ આ બધી જાહેરાતો લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને કરાઈ છે પણ બધું છૂટક છૂટક છે તેના કારણે તેનો રાજકીય ફાયદો કેટલો મળશે તેમાં શંકા છે. ભૂતકાળમાં ઘણી વાર એવું બન્યું છે કે ચૂંટણી પહેલાં કેન્દ્રની સરકારે રાજકીય ફાયદો મેળવવા માટે મોટો દાવ ખેલ્યો હોય ને એ દાવ જબરદસ્ત રીતે ચાલી પણ ગયો હોય. ૨૦૦૮માં મનમોહનસિંહની સરકારે ખેડૂતોનાં દેવાં માફ કરવાની કરેલી જાહેરાત તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. એ વખતે લોકસભામાં કોંગ્રેસ પાસે દોઢસો કરતાં ઓછી બેઠકો હતી ને એ ફરી સત્તામાં આવશે તેવી કોઈને આશા નહોતી. ૨૦૦૮ના બજેટમાં કોંગ્રેસે દેશભરના ખેડૂતોનાં દેવાં માફ કરવાનું એલાન કર્યું ને બાજી પલટાઈ ગઈ. ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે સપાટો બોલાવીને ૨૦૬ બેઠક જીતી હતી. કોંગ્રેસ એ વખતે કુલ ૭૨ હજાર કરોડ રૂપિયાનાં દેવાં માફ કરી દેવાયાં હતાં ને સરકારી ખર્ચે કોંગ્રેસે પોતાનો પ્રચાર કરીને બીજાં પાંચ વર્ષ સત્તામાં બેસવાનું પાકું કરી લીધું હતું.ભાજપ પાસે પણ એ તક હતી પણ ભાજપની જિગર ના ચાલી.હવે જોઇએ કે આગામી ચુંટણીમાં મતદારો કેવી જિગર બતાવશે.

# સંરક્ષણ બજેટ સરકાર માટે માથાનો દુઃખાવો

નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે રજૂ થયેલાં બજેટમાં સંરક્ષણ ક્ષેત્રને ૩,૧૮,૯૩૧ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું હતું. ગત નાણાકીય વર્ષ કરતા સંરક્ષણ બજેટમાં ૨૦ હજાર કરોડનો વધારો થયો હતો. નાણામંત્રીએ દાવો કર્યો હતો કે પ્રથમ વખત દેશનું સંરક્ષણ બજેટ ત્રણ લાખ કરોડને પાર ગયું છે.સંરક્ષણ ક્ષેત્રને સરકારે ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષ માટે રૂ. ૩.૧૮ લાખ કરોડનું બજેટ ફાળવ્યું છે. ગત વર્ષે સંરક્ષણ બજેટ ૨.૯૮ લાખ કરોડ રૂપિયા હતું. આ વર્ષે સરકારે ૨૦ હજાર કરોડનો વધારો કર્યો છે. નાણામંત્રી પીયૂષ ગોયલે દાવો કર્યો હતો કે આઝાદી પછી પ્રથમ વખત સંરક્ષણ બજેટ ત્રણ લાખ કરોડને પાર પહોંચ્યું છે. ગયા વર્ષની તુલનાએ સંરક્ષણ બજેટમાં ૬.૮૭ ટકાનો નોંધપાત્ર વધારો થયો હતો.ગત નાણાકીય વર્ષમાં સરકારે સંરક્ષણ ક્ષેત્ર માટે ૨.૯૮ લાખ કરોડ રૂપિયા ફાળવ્યા હતા. આ વખતે એ બજેટમાં ૨૦ હજાર કરોડનો વધારો કર્યો હતો. કુલ સંરક્ષણ બજેટ ૩.૧૮ લાખ કરોડનું રજૂ થયું હતું. નાણામંત્રીએ કહ્યું હતું કે સંરક્ષણ બજેટમાં વધારો થયો હોવાના કારણે છેલ્લાં ૪૦ વર્ષથી અટવાયેલો વન રેંક વન પેન્શનનો મુદ્દો ઉકેલી જશે અને તમામ જવાનોને તેમની બાકી રકમ ફાળવી દેવાશે. ત્રણ લાખ કરોડના બજેટમાંથી લગભગ ૧.૦૮ લાખ કરોડની રકમ સૈન્યના નવા હથિયારો, એરક્રાફ્ટ વગેરની ખરીદી માટે ફાળવાશે. ૧.૧૨ લાખ કરોડની રકમમાંથી પગાર અને પેન્શનની ચૂકવણી થશે. સંસદની એક એસ્ટિમેન્ટ કમિટીએ સંરક્ષણ બજેટમાં લશ્કરી દળો માટે ઉચ્ચતમ ભંડોળ ના ફાળવતા નરેન્દ્ર મોદી સરકારની નિંદા કરી છે અને કહ્યું છે કે, સુરક્ષા પડકારોને પહોંચી વળવા માટે દેશ આ રીતની બેદરકારી સહન ના કરી શકે. ખાસ કરીને ત્યારે જ્યારે બે મોર્ચાઓ પર યુદ્ધની સ્થિતિ બનેલી હોય.

ભાજપના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોશીની અધ્યક્ષતાવાળી એક એસ્ટિમેન્ટ કમિટીએ લોકસભામાં રજૂ કરેલ પોતાની રિપોર્ટમાં રક્ષા બજેટમાં સેનાની ત્રણેય પાંખોને કુલ સ્થાનિક ઉત્પાદનના ૧.૫૬ ટકા ફાળવણીનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે, ૧૯૬૨નાં ભારત-ચીનના યુદ્ધ પછી આ બજેટ સૌથી ઓછું છે.આ નવીનતમ રિપોર્ટ સંરક્ષણ મામલાઓ પર સંસદની સ્થાયી કમિટીની રિપોર્ટના લગભગ ચાર મહિના પછી આવી છે, જેમાં આર્મી, નેવી અને એરફોર્સને પર્યાપ્ત કોષ આપવામાં ના આવ્યો હોવા પર ટીકા કરવામાં આવી છે.રિપોર્ટમાં હિન્દ મહાસાગરમાં ભારતના પ્રભાવને મજબૂત કરવાની સાથે પાકિસ્તાન અને ચીન સાથે બે મોર્ચાઓ પર સંભવિત યુદ્ધની દેશની તૈયારીની આવશ્યકતાઓ વિશે પણ વાત કરવામાં આવી છે.કમિટીએ કુલ સંરક્ષણ સેવા ફાળવણીના ટકાવારીના રૂપમાં 'ઘણી ઓછી' મૂડી ખર્ચને(કેપિટલ ખર્ચ) લઈને પણ સરકારની ટીકા કરી છે. કેપિટલ ખર્ચ હથિયારો, સૈન્ય પ્લેટફોર્મ અને ઉપકરણોની ખરીદી ઉપર થાય છે. આમ કેપિટલ ખર્ચ માટેનું બજેટ પણ ઘણું ઓછું ફાળવવામાં આવ્યું છે.રિપોર્ટમાં કહ્યું છે કે, 'કેપિટલ ખર્ચમાં આવેલ ઉણપથી આપણા દળોના આધુનિકરણની પ્રક્રિયા પર વિપરીત અસર પડે છે અને આ આપણા દેશની સુરક્ષામાં ગાબડાઓ પાડવા જેવું છે અથવા દેશની સુરક્ષા સાથે સમજોતો કરવા જેવું છે તેમ કહીશું તો પણ કંઈ ખોટું નથી.રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, 'અપ્રચલિત શસ્ત્રો'ની જગ્યાએ અત્યાધુનિક હથિયાર ટેકનિકની તત્કાલ આવશ્યકતા છે જેના માટે કેપિટલ બજેટમાં મહત્વપૂર્ણ વૃદ્ધિ આવશ્યક છે.કેન્દ્રીય બજેટમાં સરકારે સંરક્ષણ દળો માટે ૨.૯૫ લાખ કરોડ રૂપિયાનું બજેટની ફાળવણી કરી હતી જે જીડીપીના લગભગ ૧.૫૬ ટકા છે. સશસ્ત્ર બળ ઓછી ફાળવણીને લઈને નારાજ હોય તેવું બતાવવામાં આવી રહ્યું છે.આનાથી પહેલા સેનાએ સંરક્ષણ મામલાઓ પર બનેલ સ્થાયી કમિટીએ કહ્યું હતુ કે, તે ગંભીર નાણાકીય સંકટ સામે ઝઝૂમી રહી છે અને બે મોર્ચાઓ પર યુદ્ધની સ્થિતિવાળી આશંકાના પગલે હથિયારોની ખરીદી કરવા માટે પણ



સંઘર્ષ કરી રહી છે. તે સાથે જ કહ્યું કે ચીન અને પાકિસ્તાન પણ પોતાના સુરક્ષા દળોને આધુનિકીકરણ કરી રહ્યાં છે.આ કમિટીએ તે પણ કહ્યું હતું કે, મંત્રાલય હથિયારો અને સેના સાથે જોડાયેલ સામાન ખરીદવાની પ્રક્રિયામાં થઈ રહેલા વિલંબને રોકવા માટે પગલા ભરે.સેનાએ કમિટીને તે પણ જણાવ્યું હતુ કે, તેની પાસે મેક ઈન ઈન્ડિયા ઈનિશિએટિવ હેઠળ ૨૫ પ્રોજેક્ટ્સ છે પરંતુ તેમના પર કામ કરવા માટે પર્યાપ્ત બજેટ નથી. જેના કારણે આમાંથી ઘણા બધા પ્રોજેક્ટો અધૂરા છોડીને ખત્મ કરવામાં આવે છે.આના પર ભાજપા સાંસદ બીસી ખંડૂરીની અધ્યક્ષાવાળી સંસદની સ્થાયી કમિટીએ પણ સરકારને સુરક્ષા દળોને આર્થિક સંસાધોનને અપર્યાપ્ત ફાળવણી પર કડક ફટકાર લગાવી હતી.આ એસ્ટિમેન્ટ કમિટીએ તે ભલામણ કરી છે કે, મંત્રાલય ખરીદ પ્રક્રિયામાં થઈ રહેલ વિલંબ માટે બધા જ મહત્વપૂર્ણ હિતધારકો સાથે મળીને એક સંગઠિત તંત્રની રચના કરીને યોગ્ય પગલા ભરી શકે છે.તે સાથે જ આ કમિટીએ ડીઆરડીઓના વિભિન્ન પ્રોજેક્ટમાં થઈ રહેલ વિલંબ માટે પણ ફટકાર લગાવતા કહ્યું કે, આ સંસ્થાઓને 'સ્પષ્ટ હેતુંઓ' સાથે હથિયાર અને પ્લેટફોર્મ વિકસિત કરવાની જરૂરત છે.કમિટીએ પોતાની રિપોર્ટમાં કહ્યું, કમિટીનું માનવું છે કે, ડીઆરડીના કામકાજની રીતમાં બધી જ રીતે ફેરફારની જરૂરત છે, સાથે જ દેશની આવશ્યકતાઓના સંદર્ભમાં આના યોગદાનને બીજી વખત તપાસવાની આવશ્યકતા છે.કમિટીએ તે પણ કહ્યું કે, તમને તે જાણીને ખુબ જ આશ્ચર્ય થયું કે, ભારત ના માત્ર મોટા હથિયાર પરંતુ પ્રાથમિક પાયાના સંરક્ષણ હથિયારો માટે પણ વિદેશી સપ્લાય પર નિર્ભર છે. આ કમિટીએ તે પણ કહ્યું કે દેશને યુદ્ધ માટે તૈયાર રહેવું જોઈએ અને આર્મી, નેવી અને એર ફોર્સે એકસાથે મળીને કામ કરવું જોઈએ.સામાન્ય રીતે યુદ્ધ ત્યારે સમાપ્ત થઈ જાય છે, જ્યારે યુદ્ધ કરતા દેશો એકબીજાની શક્તિ સમજી જાય છે અને એ અંગે સંમત થાય છે. અને યુદ્ધ શરૂ ત્યારે થાય છે જ્યારે આ દેશો એકબીજાની તાકતને સમજવાનો ઈનકાર કરી દે.ભારત એક એવો દેશ જે ચીન અને પાકિસ્તાન જેવા દુશ્મનો વચ્ચે પિસાયો છે. આ બંને પડોશી દેશો પરમાણુ શસ્ત્રોથી સજ્જ છે.ભૂતકાળમાં આ બંને દેશો સાથે ભારત યુદ્ધ લડી ચૂક્યું છે અને હાલ પણ કોઈને કોઈ મુદ્દે તેમની સાથે ઘર્ષણ થતો રહે છે.તે ઉપરાંત ભારતમાં આંતરિક પ્રશ્નોના પડકારો પણ એટલા બધા છે કે વારંવાર સેનાની મદદ લેવી પડે છે.આ આંતરિક અને બાહ્ય પડકારો માટે દેશને મજબૂત સૈન્યની જરૂર પડે છે.ભારતીય સેનામાં લાખો જવાનો છે. તેમની ક્ષમતા વધારવા માટે ઘણા પ્રકારના પ્રયત્નો કરવાની જરૂર છે.સરકાર દર વર્ષે રજૂ થતા બજેટમાં સુરક્ષા માટેનું અલગ બજેટ પણ ફાળવે છે.આવો થોડા જૂના આંકડાઓ તપાસીએ અને જાણીએ કે ભાજપ કે કૉંગ્રેસમાંથી કોણે સુરક્ષા બજેટ પર વધારે ધ્યાન આપ્યું.મે ૨૦૧૪માં નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકાર બની ત્યારે તેમની પાસે માત્ર ફુલ-ટાઈમ સંરક્ષણ મંત્રી નહોતા.અરૂણ જેટલી, જેમની પાસે નાણામંત્રાલય હતું, તેમને જ સંરક્ષણ મંત્રાલયનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો.તે સમયે લોકોએ માન્યું કે નાણામંત્રી પાસે જ સંરક્ષણ મંત્રાલય પણ હોય તો દેશના સૈન્યને ફાયદો થશે, પણ ખરેખર એવું બન્યું કે નહીં, આવો જાણીએ.૧૦ જુલાઈ ૨૦૧૪એ નવી સરકારનું પહેલું બજેટ રજૂ કર્યું. તેમાં તેમણે સેના માટે ૨,૩૩,૮૭૨ કરોડ રૂપિયા ફાળવ્યા.આ આંકડા કૉંગ્રેસની સરકાર દ્વારા ફેબ્રુઆરી ૨૦૧૪માં રજૂ થયેલા બજેટ કરતાં પાંચ હજાર કરોડ જેટલા વધારે હતા.આ રીતે ભાજપે સૈન્ય પર થતા ખર્ચમાં ૯ ટકાનો વધારો કર્યો હતો. ત્યાર બાદ ભાજપ સરકારનું પહેલું સંપૂર્ણ બજેટ ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ રજૂ થયું.આ બજેટમાં પણ આગળના બજેટની જેમ સુરક્ષા માટે અંદાજિત ખર્ચ ૨,૫૫,૪૪૩ કરોડ રૂપિયા જેટલો રાખવામાં આવ્યો.તેના પછીના વર્ષે ૨૩ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ રજૂ થયેલા બજેટમાં તેમણે સૈન્યના ખર્ચનો ઉલ્લેખ જ ન કર્યો, તેથી ઘણા લોકોએ પ્રશ્નો પણ ઉઠાવ્યા હતા.એવી અપેક્ષા હતી કે સંરક્ષણ બટેજમાં બે ટકાનો વધારો થશે.આ બજેટ રજૂ કરતા પહેલાં ૧૫ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અલગઅલગ સેનાઓના કમાન્ડરોની સંયુક્ત બેઠકમાં કહી ચૂક્યા હતા, "હાલ દરેક મહાશક્તિ પોતાના સૈન્યબળ પર કામ કરી રહી છે અને આધુનિક ઉપકરણો અને ટેક્નૉલૉજી પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.જ્યારે આપણે માત્ર સૈન્ય જ વધારી રહ્યા છીએ. એક જ સમયે સૈન્યની સંખ્યા વધારવી અને આધુનિકીકરણ પણ કરવું એ મુશ્કેલ અને બિનજરૂરી વાત છે.૧ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ જ્યારે નાણામંત્રી ફરી એક વખત બજેટ સાથે હાજર થયા તો તેમણે સુરક્ષા બજેટમાં ૨,૭૪,૧૧૪ કરોડ ફાળવ્યા.આગળના બજેટથી બિલકુલ વિરુદ્ધ આ વખતના બજેટમાં ૬ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો.મંત્રાલયના ફંડથી ચાલતા ઈન્સ્ટિટ્યુટ ફૉર ડિફેન્સ સ્ટડીઝ ઍન્ડ ઍનાલિસિસ માટે અભ્યાસ લેખો લખતા લક્ષ્મણ કે.બહેરાએ આ બજેટને અપૂરતું ગણાવ્યું હતું.ગયા વર્ષે ૧ ફેબ્રુઆરીના રોજ અરૂણ જેટલીએ ફરી એક વખત સંરક્ષણ બજેટમાં ૮ ટકાનો વધારો કર્યો. ગયા વર્ષે સંરક્ષણ બજેટ માટે ૨,૯૫, ૫૧૧ કરોડ રૂપિયા ફાળવ્યા.જ્યારે શુક્રવારે પોતાનું પ્રથમ બજેટ અને સરકારના કાર્યકાળનું અંતિમ બજેટ રજૂ કરતા પીયૂષ ગોયલે કહ્યું, પહેલી વખત અમારું સંરક્ષણ બજેટ ૩ લાખ કરોડને પાર કરવા જઈ રહ્યું છે.આ વખતના સંરક્ષણ બજેટમાં ૩,૧૮,૮૪૭ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, જે ગત બજેટ કરતાં આઠ ટકા વધારે છે.તો હવે સવાલ એ ઊઠે છે કે સુરક્ષા બજેટ બાબતે કૉંગ્રેસ સરકાર કરતાં ભાજપ સરકાર વધુ ઉપયોગી સાબિત થઈ?સંરક્ષણ મંત્રાલયના પૂર્વ નાણા સલાહકાર રહી ચૂકેલા અમિત કૉવિશ આ અંગે કહે છે, જો બંને સરકારોનો અભ્યાસ કરો તો લગભગ સરખો જ ટ્રેન્ડ જોવા મળે છે. જોકે, બજેટની ફાળવણીમાં જે અંતર દેખાય છે, એ સ્વાભાવિક છે. કારણ કે, ૧૫ વર્ષમાં આટલો ફરક તો પડવાનો જ હતો.હાલના સમયે સેનાના વરિષ્ઠ અધિકારીઓ અને સાંસદો જેમાં ભાજપના સાંસદો પણ સામેલ છે ના મતે માદી સરકાર માટે સંરક્ષણ બજેટ હંમેશાં દુઃખતી નસ સમાન રહ્યું છે.નવેમ્બર ૨૦૧૮માં ભારતીય નૌકાદળના મુખ્ય ઍડમિરલ સુનીલ લાંબાએ કહ્યું હતું,જીડીપીમાં ભલે ઘટાડો થયો હોય પણ અમને વચન આપ્યું હતું એ રીતે સંરક્ષણ બજેટ સતત વધતું રહ્યું છે.અમે ઈચ્છીએ છીએ કે તેમાં ઉત્તરોત્તર વધારો થતો રહે, જોકે એમાં થોડા વિઘ્નો જરૂર છે પણ અમે એ અંગે જાણીએ છીએ.૨૫ જુલાઈ ૨૦૧૮ના રોજ ભાજપના સાંસદ મુરલી મનોહર જોશીએ કહ્યું હતું,જીડીપીનો ૧.૫૬ ટકા ભાગ સંરક્ષણ પર ખર્ચ થાય છે.વર્ષ ૧૯૬૨માં ચીન સાથેના યુદ્ધ પછી આ સૌથી નીચા સ્તર પર છે. ભારત જેવા મોટા દેશ માટે સંરક્ષણ બજેટ બહુ મહત્ત્વનું છે.માર્ચ ૨૦૧૮માં સંસદીય સમિતિમાં આર્મી સ્ટાફના ઉપ પ્રમુખે કહ્યું, વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટે અમારી આશાઓ ખતમ કરી નાખી.અમને જે કંઈ પણ મળ્યું તેનાથી થોડો ઝાટકો જરૂર લાગ્યો છે. હવે અમારી સમિતિના કેટલાક જૂના ખર્ચ વધી જશે.માર્ચ ૨૦૧૪માં સંસદીય સમિતિએ સુરક્ષા બજેટ પર કહ્યું હતું, પાછળના કેટલાંક વર્ષોમાં વાયુસેના પર થતા ખર્ચમાં ઘટાડો થયો છે.વાયુસેનાને આધુનિક બનાવવા માટે જે ખર્ચની અપેક્ષા છે એમાં પણ ઘટાડો થયો છે.વર્ષ ૨૦૦૭-૦૮માં કુલ સંરક્ષણ બજેટનો ભાગ ૧૭.૫૧ ટકા હતો, જ્યારે વર્ષ ૨૦૧૬-૧૭માં એ ઘટીને ૧૧.૯૬ ટકા થયો છે.

## જીસીએમએમએફ (અમૂલ)ના એમડી ડો. આર. એસ સોઢી જમ્મુ અને કાશ્મીરના માન. ગવર્નરના સલાહકાર શ્રી ખુરશીદ ગનાઈ ને મળ્યા

આણંદ, તા.૨ફેબ્રુઆરી, ૨૦૧૯

ડો. આર એસ સોઢી ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિમિટેડ (લોકપ્રિય અમૂલ બ્રાન્ડથી જાણીતા) જમ્મુ અને કાશ્મીર મિલ્ક પ્રોડયુસર્સ કો-ઓપરેટીવ લિમિટેડ (જેકેએમપીસીએલ) ના બોર્ડ ઓફ ડિરેક્ટર સાથે જમ્મુ અને કાશ્મીરના માન. ગવર્નરના સલાહકાર શ્રી ખુરશીદ અહેમદ ગનાઈને મળ્યા હતા અને જમ્મુ અને કાશ્મીરમાં ચાલી રહેલી ડેરી વિકાસ પ્રવૃત્તિઓ અંગે માહિતગાર કર્યા હતા.

જેકેએમપીસીએલની સ્થાપના વર્ષ ૨૦૦૪માં જમ્મુ અને કાશ્મીર સરકારની કેબિનેટના નિર્ણયથી કરવામાં આવી હતી અને જમ્મુ અને કાશ્મીરમાં અર્થક્ષમ સહકારી ડેરી ઉદ્યોગ રચાય તો ગામડાંના બેરોજગાર યુવાનોની સ્થિતિ સુધારવામાં મદદરૂપ બની શકે તે માટે કરવામાં આવી હતી. ૨૦૦૪માં તે વખતની સરકારે જીસીએમએમએફ સાથે સમજૂતિના કરાર કર્યા હતા અને જેકેએમપીસીએલની કામગીરીને આણંદ પેટર્નથી (સુસંકલિત સહકારી માળખા દ્વારા) નફાકારક બનાવવાની જવાબદારી સોંપી હતી. વિવિધ પ્રકારે સરકાર અને જીસીએમએમએફને સહયોગ પ્રાપ્ત થતાં તે રાજ્યની પાયોનિયર નફાકારક સહકારી સંસ્થા બની હતી. જેનું સંચાલન હાલમાં લોકશાહી પધ્ધતિથી રચાયેલા બોર્ડ દ્વારા થાય છે અને જીસીએમએમએફનો તેમને ટેકનિકલ સહયોગ પ્રાપ્ત થયો હતો. વિતેલા નાણાંકિય વર્ષ દરમ્યાન (એપ્રિલ ૨૦૧૭ થી માર્ચ ૨૦૧૮) જેકેએમપીસીએલ દ્વારા ૪૫૦ ગ્રામ્ય સહકારી મંડળીઓના ૧૭,૦૦૦ થી વધુ દૂધ ઉત્પાદક સભ્યો મારફતે વાર્ષિક ૧૨૧.૮ લાખ કી.ગ્રા. દૂધ એકત્ર કરવામાં આવ્યું હતું. હાલમાં અંદાજે ૨૩૦ ગ્રામ્ય ડેરી સહકારી મંડળીઓ જમ્મુમાં તથા શ્રીનગરની આસપાસ ૨૨૦ મંડળીઓ કાર્યરત છે. વિતેલા નાણાંકિય વર્ષ દરમ્યાન જેકેએમપીસીએલે રૂ.૫,૨૩૬ લાખનું વેચાણ ટર્ન ઓવર કર્યું છે, જે ૨૦૧૬-૧૭ની તુલનામાં ૭૨ ટકા વધારે છે.

પ્રારંભથી જ જેકેએમપીસીએલ દ્વારા વિવિધ પ્લાન્ટ અને મશીનરીમાં પોતાના જ સરપ્લસ ભંડોળમાંથી રૂ.૧૨૫ લાખનું મૂડી રોકાણ કર્યું છે. આ રોકાણ જીસીએમએમએફ દ્વારા વર્ષ ૨૦૦૪-૦૫માં રૂ.૧૫૦ લાખના મૂડી ખર્ચના સહયોગ ઉપરાંતનું છે. જેકેએમપીસીએલ દ્વારા ૨૩ બલ્ક મિલ્ક કૂલર્સ (કાશ્મીરમાં ૪૭,૦૦૦ લીટરની ક્ષમતા ધરાવતા ૧૧ સ્થળોએ તથા શ્રીનગરમાં ૫૨,૦૦૦ લીટરની ક્ષમતા ધરાવતા ૧૨ સ્થળોએ) સ્થાપવામાં આવ્યા છે. આ ઉપરાંત ૪૧૫ ઓટોમેટિક મિલ્ક કલેક્શન સિસ્ટમ (૨૩૦ કાશ્મીરમાં અને ૧૮૫ જમ્મુમાં) સ્થાપીને ગામના સ્તરે દૂધની ગુણવત્તા સુધારીને દૂધની એકત્રીકરણ પધ્ધતિમાં ખેડૂતોનો વિશ્વાસ વધારવામાં આવ્યો છે. આ બધી વ્યવસ્થા સરકારની સહાયથી કરવામાં આવી છે

## લિયુગોંગ ઈન્ડિયાના ગુજરાત ખાતેના ડિલર અમૃતલાલ દેસાઈ એન્ડ સન્સ દ્વારા અમદાવાદમાં બાંધકામ ઈક્વિપમેન્ટની વિશાળ રેન્જ પ્રદર્શિત કરાઈ

**પિથમપુર(મધ્યપ્રદેશ) સ્થિત મલ્ટીનેશનલ કન્સ્ટ્રક્શન ઈક્વિપમેન્ટ કંપની લિયુગોંગ ઈન્ડિયા ભારતને પોતાનું ગ્લોબલ મેન્યુફેક્ચરીંગ હબ બનાવવા માગે છે.**




એજન્સી દ્વારા-મદાવાદ તા. ૧૪ ફેબ્રુ. ૨૦૧૯. વિશ્વની ૫ ટનના વ્હીલ લોડર અને સૌથી વધુ વેચાણ પામતા મોટર ગ્રેડરનું મેન્યુફેક્ચરીંગ કરતી લિયુગોંગ ઈન્ડિયા પ્રા. લિ.એ અમદાવાદના મોરલી ફાર્મમમાં વિશાળ રેન્જમાં બાંધકામ ઈક્વિપમેન્ટ રજૂ કર્યા હતા. આ ઈવેન્ટનું આયોજન લિયુગોંગના ગુજરાત રાજ્યના ડિલર અમૃતલાલ દેસાઈ એન્ડ સન્સ દ્વારા ગ્રાહકોને નવા અને હાલના એક્સકેવેટર, સોઈલ કમ્પ્રેડર્સ વગેરે દર્શાવવા માટે યોજાઈ હતી. પિથમપુર (મધ્યપ્રદેશ) સ્થિત મલ્ટીનેશનલ કન્સ્ટ્રક્શન ઈક્વિપમેન્ટ જાયન્ટનું આયોજન ભારતને ગ્લોબલ મેન્યુફેક્તરીંગ હબ બનાવવાનું છે. જેમાં અમૃતલાલ દેસાઈ એન્ડ સન્સના માલિક કિરણ દેસાઈ, નીલ દેસાઈ, મિત દેસાઈ અને લિયુગોંગ ઈન્ડિયાના સેલ્સ એન્ડ સર્વિસના ડિરેક્ટર નિશ્ચલ મેહરોત્રા ઉપસ્થિત રહ્યા હતા.

## જસકરણ સિંહ એક કોમેડીયનના રૂપમાં વિશિષ્ટ ઓળખ નથી બનાવવા માંગતા



એજન્સી દ્વારા-કલર્સના સોશ્યલ ડ્રામા ઉડાનમાં તાજેતરમાં જ દાખલ થનાર જસકરણ સિંઘ નકારાત્મક પાત્ર ભજવીને સરસ સમય વીતાવી રહેલ છે. અભિનેતા અગાઉ ઘણી કોમિક ભૂમિકાઓમાં લાંબા સમયથી દેખાઈ ચૂકેલ છે હવે નાના પડદા પર નકારાત્મક ભૂમિકા સાથે પાછા ફરેલ છે. આ ભૂમિકા જસકરણે પસંદ કરી તેનું કારણ એ કે તે કાંઈક અલગ શોધી રહેલ અને એકરસતા તોડવા માંગતા હતાં.

જસકરણ લલ્લનનું પાત્ર ભજવે છે જે પોતાના સ્વાર્થી હેતુથી કોઇ પણ હદે જઈ શકનાર, એક વ્યવસાયી, ભાનુ (સંજય ગાંધી)ની નજીકનો માણસ છે. પોતાના બોસના આદેશનું નિષ્ઠાપૂર્વક પાલન કરનાર લલ્લનમાં લોકો સાથે મીઠાશથી વાત કરવા અને પોતાનું કામ સરળતાથી કઢાવી લેવાની આવડત છે, લલ્લન જ્યારે જરૂર પડે પોતાની ખરાબ બાજુને પણ ઉપયોગમાં લે છે અને કોઇને પણ બંદુકની અણી પર લઈ લે છે.

જાણવા માટે, દર સોમવારથી શનિવાર સાંજે ૭:૦૦ કલાકે ઉડાન જોવાનું ચૂકશો નહીં, ફક્ત કલર્સ પર!

## યુથ અને અનુભવનો સંગ્રામ કારણકે અહમદાબાદ ડિફેન્ડર્સ સામાનો કરે છે બ્લેક હોકઝ હૈદ્રાબાદનો RuPay પ્રો વોલીબોલ લિગમાં

એજનસી દ્વારા કોચી, ૩ જી ફેબ્રુઆરી ૨૦૧૯: અહમદાબાદ ડિફેન્ડર્સ તેમની ચળવળ શરૂ કરવા માટે તૈયાર છે કારણકે તેઓ રાજીવ ગાંધી ઈન્ડોર સ્ટેડિયમ કોચી ખાતે ફેબ્રુ ૪ ૨૦૧૯ ના રોજ RuPay પ્રો વોલીબોલ લિગમાં બ્લેક હોકઝ હૈદ્રાબાદ સામે સામ સામે આવવાના છે.

તેમની પ્રથમ મેચ અહમદાબાદ ડિફેન્ડર્સની સાંજે બોલતી વખતે કેપ્ટન રણજીત સિંઘે કહ્યુ, " મને લાગે છે કે આ લિગ બધા જ ખેલાડિઓને તક આપે છે કે તેઓ ઘણા બધા દર્શકોને બતાવે કે તેઓ શું કરી શકવા માટે સક્ષમ છે. જ્યાં સુધી અમારી પ્રથમ મેચ ચાલે છે ત્યાં સુધી, હું માનું છું કે અમને થોડો જ લાભ છે કારણકે અમારી ટીમ વધુ અનુભવી છે અને તે ચાવીરૂપ ભૂમિકા ભજવે છે."

આ લિગ કે જે બેઝલાઈન વેન્ચર્સ અને વોલીબોલ ફેડરેશન ઓફ ઈન્ડિયાની પહેલ છે કે જે ફેબ્રુઆરી ૨ ના રોજ શરૂ થાય છે જયાં કોચી બ્લ્યુ સ્પાઈકર્સ U મુમ્બા વોલીને પહેલા દિવસે જ ૪-૧ થી હરાવે છે. બ્લેક હોકઝ હૈદ્રાબાદ પાસે એવો મુદો છે કે જે સાબિત કરે કે તે આ લિગની નાનામાં નાની ટીમ છે કે જેના પાંચથી વધારે સભ્યો ૨૩ વર્ષ કરતા નાના છે. આ મેચને સોની સિક્ષ અને સોની ટેન ૩ ઉપર પ્રસારીત કરવામાં આવશે અને ફેબ્રુ ૪ ૨૦૧૯ ના રોજ સાંજે ૭:૦૦ કલાકે SONY LIV ઉપર બતાવવામાં આવશે.

## ઝી બોલિવૂડ એ બોલિવૂડના સંગીતના માઈસ્ટ્રોસ 'હસરત જયપુરી' અને 'તલત મેહમુદ'ને ક્લાસિક લિજેન્ડ્સમાં શ્રદ્ધાંજલી આપે છે



એજન્સી દ્વારા-રાજ કપૂરની ભવ્ય કારકીર્દીમાં જેમનો મહત્વપૂર્ણ ફાળો છે, તેમાંના એક એવા હસરત જયપુરી છે, જેમને તેમના દરેક હિટ ગીતોને તેમની જાતે લખ્યા છે. બીજી તરફ તલત મહેમુદ એ ભારતીય પ્રાંતોના ફિલ્મ ગાયકો જેવા કે, મોહમ્મદ રફી, અહેમદ રુશ્દી, કિશોર કુમાર, જગજીત સિંઘ અને મુકેશ પુરુષ ગઝલ ગાયકોમાંના એક સાબિત થયા છે. ક્લાસિક લિજેન્ડ્સના ૯માં એપિસોડમાં ઝી બોલિવૂડ હસરત જયપુરી અને તલત મેહમૂદના જીવનની ઉજવણી કરે છે, શનિવાર, ૨જી ફેબ્રુઆરીના રોજ સાંજે ૮ વાગે, ફક્ત ઝી બોલિવૂડ પર.

જયપુરમાં જન્મેલા અને ઉછેર પામેલા, હસરત જયપુરી ૧૯૪૦માં મુંબઈ આવ્યા હતા અને એક બસ કન્ડક્ટર તરીકે કામ કરતા હતા. તેને મહાન પૃથ્વીરાજ કપૂરને મળ્યા, જેમને તેમને તેના દિકરા રાજ કપૂર માટે ભલામણ કરી અને ત્યારથી જ, એક સોનેરી સંયોજનની શરૂઆત થઈ. તેમના કેટલાક આદર્શ ગીતોમાં ઈચક દાના બિચક દાના, ઝિંદગી એક સફર હૈં, તેરી પ્યારી પ્યારી સુરત, સાયોનારા સાયોનારા અને બદન પે સિતારે લપેટે હુએ, આ બધા તેમના આજની તારીખના પસંદગી થયેલા ગીતોમાં છે. જીયા બેકરાર હૈં, એ તેમનું સૌથી પ્રથમ ગીત હતું. હસરત જયપુરી એક જાણિતા કવીની સાથોસાથ હિન્દીમાં તથા ઉર્દુમાં ગીત પણ લખતા હતા.

૧૬ વર્ષની ઉંમરમાં, તલત મેહમૂદએ ૧૯૩૯માં તેમના ગાયકીની કારકીર્દીની શરૂઆત લખનૌથી 'ઓલ ઈન્ડિયા રેડિયો'થી થઈ હતી. તેને ગઝલ ગાયકીની શરૂઆત દાગ, મિર, જીગર વગેરેમાં ગીત ગાઈને કરી હતી અને તેમની આ વિશિષ્ટ અવાજની ગુણવત્તાએ ૧૯૪૧માં જ તેમની પ્રથમ ડિસ્ક બહાર આવી ગઈ હતી. તલત મેહમૂદએ આધુનિક સેમી- ક્લાસિક અને નોન-ક્લાસિકલ ગઝલના ખરેખર શોધક છે. જો કે, તેમની આ સફળતા બહુ ઓછી જીવિત રહી કારણકે, તેઓ લોકોના જીવનમાં ગઝલના દુઃખી ગીતોના ગાયક તરીકે વધુ પ્રસિદ્ધ થઈ ગયા. જયારે વધુ પડતા ઉત્સાહિત ગીતોની માંગ વધવા લાગી, ત્યારે તેમની આ પ્રતિષ્ઠાને નુકશાન થઈ. મોહમ્મદ રફી અને મુકેશને વધુ પ્લેબેક ગાવા મળ્યા. તેમનું અંતિમ ગીત મેરે શરીક-એ સફર હતું, જે ૧૯૮૫માં રેકોર્ડ થયું હતું.

જૂઓ હસરત જયપુરી અને તલત મેહમુદના જીવનને ક્લાસિક લિજેન્ડ્સ સિઝન ૫માં, શનિવાર ૨જી ફેબ્રુઆરીના રોજ ઝી બોલિવૂડ પર સાંજે ૮ વાગે

Printed, Published and Owned by Shri Narendra G.Joshi and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA G. JOSHI. PH :-079- 27451449, (M) 9825065387
RNI NO. GUJGUJ/2012/48123

## લોકસભા ચૂંટણી પહેલા નવા પ્રયોગની શરૂઆત

# ચૂંટણી ઢંઢેરા માટે ભાજપ ૧૦ કરોડના મત મેળવશે

### સંકલ્પપત્ર લોકોના અભિપ્રાય બાદ તૈયાર કરાશે : ભારત કે મન કી બાત મોદી કે સાથ નામની શરૂ કરાયેલી કવાયત

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા. ૩

સામાન્ય ચૂંટણી પહેલા રામ મંદિરનો મુદ્દો ફરીએકવાર ગરમી પકડી રહ્યો છે. અયોધ્યામાં વિવાદાસ્પદ જમીન પર ચાલી રહેલા વિવાદ વચ્ચે સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારે બિનવિવાદાસ્પદ જમીન પરત કરવા અપીલ કરી દીધી છે ત્યારે આજે ભાજપ પ્રમુખ અમિત શાહે ભારતના મન કી બાત કાર્યક્રમમાં ફરી આ મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, સરકાર બિનવિવાદાસ્પદ જમીન તેમના મૂળ માલિકોને સોંપીને રામ મંદિર નિર્માણની દિશામાં પોતાની કટિબદ્ધતા દર્શાવવા માંગે છે. અન્ય પક્ષોના સહકારની માંગણી પણ કરવામાં આવી છે. અમિત શાહે આજે લોકસભા ચૂંટણી પહેલા ચૂંટણી ઢંઢેરાની તૈયારી માટે લોકો પાસેથી સૂચનો મેળવવાની મહાકાય કવાયત શરૂ કરવાની જાહેરાત કરી હતી. અમિત શાહ અને પાર્ટીના વરિષ્ઠ નેતા રાજનાથસિંહે ભારત કે મન કી બાત મોદી કે સાથ નામથી એક મહિના સુધી ચાલનાર કવાયતની શરૂઆત કરી દીધી હતી જેના ભાગરુપે ભારતીય જનતા પાર્ટી સંકલ્પપત્ર અથવા તો ચૂંટણી ઢંઢેરો તૈયાર કરવા દેશભરમાં ૧૦ કરોડ લોકો પાસેથી અભિપ્રાય મેળવશે. આ અભિપ્રાય મેળવી લેવામાં આવ્યા બાદ પાર્ટી ચૂંટણી ઢંઢેરો તૈયાર કરશે. અમિત શાહે કહ્યું હતું કે, આ કવાયતનો ઉદ્દેશ્ય ચૂંટણી ઢંઢેરો તૈયાર કરવાની પ્રક્રિયા લોકશાહીરીતે હાથ ધરીને આને વધુ મજબૂત કરવામાં આવશે. આ અસામાન્ય અને નવા પ્રયોગથી લોકશાહી મજબૂત થશે. ન્યુ ઈન્ડિયાના સપનાને પૂર્ણ કરવા માટે પાર્ટી આગળ વધવા માટે ઈચ્છુક છે. આજે આયોજિત એક કાર્યક્રમમાં અમિત શાહ અને રાજનાથસિંહે સંબોધન કર્યું હતું અને કહ્યું હતું કે, લોકો કેવા પ્રકારના ભારતનું નિર્માણ કરવા ઈચ્છુક છે અને તેમના સપના શું છે તે જાણીને ચૂંટણી ઢંઢેરો તૈયાર કરશે. પાર્ટી આ કાર્યક્રમને સફળ બનાવવા માટે લોકોના ઘર ઘર સુધી જશે. ૩૦૦ જેટલા વાહનો દેશભરમાં ફરશે અને ૭૭૦૦ જેટલી પેટીઓ લોકોના અભિપ્રાય જાણવા માટે ૪૦૦૦ વિધાનસભાઓમાં ફરશે. સોશિયલ મિડિયા અને ટેલિફોનિક કોમ્યુનિકેશનનો ઉપયોગ પણ આના માટે કરવામાં આવશે. રાજનાથસિંહ પાર્ટીની સંકલ્પપત્ર કમિટિના અધ્યક્ષ તરીકે છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, દેશમાં આ પહેલા ક્યારે પણ આ પ્રકારની મોટી કવાયત ચૂંટણી ઢંઢેરાને તૈયાર કરવા માટે યોજવામાં આવી નથી. તેમણે એ પણ કહ્યું હતું કે, ભારત વૈશ્વિક તાકાત બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. મોદીના નેતૃત્વમાં દેશની વિશ્વભરમાં નોંધલેવામાં આવી છે.સરકારે હાલમાં જ વચગાળાના બજેટમાં તમામ વર્ગને સંતોષ મળે તે હેતુસર પગલા લીધા છે. ખેડૂતોના સૌથી મોટા શુભેચ્છક તરીકે મોદી ઉભરી આવ્યા હોવાનો દાવો રાજનાથસિંહે કર્યો હતો. રાજનાથસિંહે એમ પણ કહ્યું હતું કે, મોદી સરકાર પોતાના મનના હિસાબથી દેશને ચલાવતી નથી. પ્રજાના અભિપ્રાય લઈને આગળ વધવા ઈચ્છુક છે. આજકારણસર આ નવા પ્રયોગ કરવાની દિશામાં સરકાર આગળ વધી રહી છે. અમિત શાહે કહ્યું હતું કે, અયોધ્યામાં બિનવિવાદાસ્પદ જમીન પરત કરવાના નિર્ણયમાં તમામ લોકો સહકાર કરે તે જરૂરી છે. આ ઐતિહાસિક પગલું સરકારે લીધું છે. વિરોધ પક્ષો કેસ આડે અડચણો ઉભી ન કરે તેમ પણ તેમણે કહ્યું હતું.

## પીયુષ ગોયેલ જ બજેટ પર ચર્ચાનો જવાબ આપશે

# બજેટ પર ચર્ચાના જવાબ સુધી જેટલી પરત નહીં ફરે

### અમેરિકામાં સારવાર માટેની પ્રક્રિયા પૂરી થઈ હોવા છતાં સમયસર ભારત નહીં પહોંચી શકે : અટકળનો અંત થયો

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા. ૩

અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, અમેરિકાની હોસ્પિટલમાં ચાલી રહેલી તેમની તબીબી સારવાર પરિપૂર્ણ થઈ ગઈ છે પરંતુ સંસદમાં વચગાળાના બજેટ ઉપર ચર્ચાનો જવાબ આપવા માટે તેઓ ઉપલબ્ધ રહેશે નહીં. ચર્ચાનો જવાબ આપવાના ગાળા સુધી તેઓ ભારત પરત ફરી શકશે નહીં. ૬૬ વર્ષીય અરુણ જેટલી નરેન્દ્ર મોદી સરકારની વર્તમાન અવધિના અંતિમ અને છઠ્ઠા બજેટને રજૂ કરી શક્યા ન હતા. કારણ કે તેઓએ સારવાર અર્થે અમેરિકા ગયા હતા. તેમની ગેરહાજરીમાં નાણામંત્રાલયનો હવાલો સંભાળતા રેલવેમંત્રી પીયુષ ગોયેલે નાણામંત્રી તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ સંસદમાં વચગાળાનું બજેટ રજૂ કર્યું હતું. પીયુષ ગોયેલે વચગાળાનું બજેટ રજૂ કરતી વેળા સમાજના તમામ વર્ગો તરફથી રાહત મેળવી હતી. લોકપ્રિયતા પણ મેળવી હતી. ૨૦૧૯-૨૦ના નાણાંકીય વર્ષ માટે વચગાળાના બજેટને રજૂ કરતી વેળા પીયુષ ગોયેલે ખેડૂતો અને નબળા વર્ગ સહિત તમામ વર્ગોને આવરી લીધા હતા. એક ઈન્ટરવ્યુમાં અરુણ જેટલીએ કહ્યું છે કે, તેઓ ઝડપથી રિકવરીના માર્ગ ઉપર છે પરંતુ તેઓ વહેલીતકે અને બજેટ પર ચર્ચાનો જવાબ આપવા માટે ઉપલ્બધ રહેશે નહીં. જેટલીએ કબૂલાત કરી હતી કે, પીયુષ ગોયેલે ખુબ જ સફળતાપૂર્વક અને શાનદારરીતે બજેટ રજૂ કર્યા બાદ સંસદમાં બજેટ પર ચર્ચાનો જવાબ આપશે. જેટલી ગયા મહિનામાં સારવાર અર્થે અમેરિકા ગયા હતા. તેમની બિમારીના સંદર્ભમાં હજુ સુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી પરંતુ એમ માનવામાં આવે છે કે, તેઓ સોફ્ટ ટિશ્યુ કેન્સરથી ગ્રસ્ત છે. ટૂંક સમયમાં જ ઓપરેશન કરવાની ફરજ પડી શકે છે. મે ૨૦૧૮માં રેનલ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરાવ્યા બાદ જેટલી પ્રથમ વખત સારવાર અર્થે અમેરિકા ગયા છે. ૨૦૧૮માં પણ જેટલીની જગ્યાએ નાણામંત્રાલયનો હવાલો ગોયેલને આપવામાં આવ્યો હતો. એપ્રિલ બાદથી જેટલી ઓફિસમાં હાજરી આપી રહ્યા ન હતા પરંતુ ૨૩મી ઓગસ્ટના દિવસે નાણામંત્રાલયની જવાબદારી ફરી એકવાર સંભાળી હતી. તમામ લોકો જાણે છે કે, સપ્ટેમ્બર ૨૦૧૪માં અરુણ જેટલીએ બેરિયાટ્રીક સર્જરી કરાવી હતી. વધતા જતા વજનને રોકવા માટે આ સર્જરી કરાવી હતી. અરુણ જેટલી અનેક પ્રકારની બિમારીઓથી ગ્રસ્ત છે. તેમને ડાયાબિટીસની સમસ્યા પણ છે. આવી સ્થિતિમાં અરુણ જેટલી સંસદમાં બજેટ ચર્ચાનો જવાબ આપવા સમયસર ઉપલબ્ધ થશે નહીં. અરુણ જેટલી સતત છઠ્ઠી વખત બજેટ રજૂ કરવાની તક ચુકી ગયા છે. છેલ્લા ઘણા સમયથી અરુણ જેટલી પણ સ્વસ્થ રહ્યા નથી.

## કલર્સના ખૂબ લડી મર્દાની ઝાંસી કી રાનીમાં પોતાની ભૂમિકા માટે રાજેશ શ્રીગાંરપુરેએ મુંડન કરાવ્યું



એજન્સી દ્વારા-પોતાના આવી રહેલ હિસ્ટોરિકલ ડ્રામા 'ખૂબ લડી મર્દાની – ઝાંસી કી રાની' ઝાંસીની સાથે કલર્સ રાણી લક્ષ્મી બાઈની કહાણીનું પુનઃસર્જન કરવા સુસજ્જ છે. શો એક સાધારણ છોકરી મણિકર્ણિકા (અનુષ્કા સેન), બ્રિટિશરો સામે યુદ્ધનું એલાન કરનાર ઝાંસીની રાણી તરીકે પ્રગટ થનાર એક અજાણી સાધારણ જનની મુસાફરી પર શો પ્રકાશ પાડશે. મણિકર્ણિકાના પિતા, મોરોપંતની ભૂમિકા ભજવવા પ્રતિભાશાળી મરાઠી અભિનેતા રાજેશ શ્રીગાંરપુરે હશે. જ્યાં આપણે અવારનવાર એક્ટર્સને પોતાના પાત્રો ભજવવા વધારાનો પ્રયાસ કરતાં જોતાં હોઈએ છીએ, રાજેશ શ્રીગાંરપુરેએ પાત્રનો દેખાવ અદ્દલોઅદ્દલ લાગે તે માટે ટાલ કરાવવાનું પગલું ભર્યું છે. અભિનેતાએ ખાસ આ પાત્ર માટે થઈને પ્રોસ્ટેટિક્સ વાપરવાને બદલે વાસ્તવિક જીવનમાં ટાલ કરાવી લેવાનો નિર્ણય લીધો છે.

એક મજબૂત અને મક્કમ પુરુક્ષ, મોરોપંત પેશ્વાઓને સમર્પિત હતાં. તેઓ સ્વતંત્રતા સંગ્રામમાં માનતા હતાં અને કોઈ અવરોધો સામે નમતું ન આપતાં. જ્યાં પોતે દરેક જણને પોતાના વ્યક્તિત્વની મજબૂત બાજુ દર્શાવે છે ત્યાં જ એક પ્રેમાળ પિતા તરીકે તેમનામાં કૂણી બાજુ પણ છે. અભિગમમાં ચમત્કૃત કરી દે તેટલાં હિંમતવાન, તેઓ શરૂઆતમાં મણિકર્ણિકા દ્વારા એવા કોઈક જે કયારેય તુરંગખાના તરફ સવાલ ઉપાડનાર ન હોય તેવા તરીકે જોવાય છે, પણ પછીથી સમજાય છે કે તે ક્રાન્તિકારી છે.

કોન્ટીલોય પિક્ચર્સ દ્વારા નિર્મિત, શો કલર્સ પર દર્શાવવામાં આવશે

## ટીસીએસની માર્કેટ મૂડી ૪૧૯૧૪ કરોડ વધી ગઈ

# ટોચની ૧૦ કંપની પૈકીની ૫ કંપનીની મૂડીમાં વધારો થયો

### ફરી ટીસીએસની માર્કેટ મૂડીમાં ઉલ્લેખનીય વધારો છતાં પણ આરઆઈએલ માર્કેટ મૂડીની દ્રષ્ટિએ પ્રથમ ક્રમાંકે

એજન્સી દ્વારા

મુંબઈ, તા.૩

છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન ટોચની ૧૦ કંપનીઓ પૈકીની પાંચ કંપનીઓની માર્કેટ મૂડીમાં સંયુક્તરીતે ૬૫૪૨૬.૧૬ કરોડ રૂપિયાનો વધારો થયો છે. ટીસીએસની માર્કેટ મૂડીમાં આ ગાળા દરમિયાન સૌથી વધુ વધારો થયો છે છતાં માર્કેટ મૂડીની દ્રષ્ટિએ આરઆઈએલ હજુ પ્રથમ ક્રમાંક ઉપર છે. શુક્રવારના દિવસે પુરા થયેલા સપ્તાહના ગાળા દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, હિન્દુસ્તાન યુનિલીવર, આઈટીસી અને ઈન્ફોસીસની માર્કેટ મૂડીમાં તેજી રહી હતી જ્યારે એચડીએફસી બેંક, એચડીએફસી, એસબીઆઈ, કોટક મહિન્દ્રા અને આઈસીઆઈસીઆઈ બેંકની માર્કેટ મૂડીમાં ઘટાડો રહ્યો છે. ટીસીએસની માર્કેટ મૂડી છેલ્લા સપ્તાહના ગાળામાં ૪૧૯૧૪.૧૩ કરોડ વધીને ૭૬૨૦૧૫.૫૨ કરોડ થઈ ગઈ ગઈ છે જ્યારે ઈન્ફોસીસ અને એચયુએલની માર્કેટ મૂડી ક્રમશઃ ૧૧૫૧૧.૩૯ કરોડ અને ૯૩૬૨.૧૧ કરોડ વધી ગઈ છે. આઈટીસીની માર્કેટ મૂડીમાં આ ગાળા દરમિયાન ૧૯૬૯.૯ કરોડ રૂપિયાનો વધારો થયો છે. આરઆઈએલ માર્કેટ મૂડીની દ્રષ્ટિએ પ્રથમ ક્રમ ઉપર છે. તેની માર્કેટ મૂડી છેલ્લા સપ્તાહમાં વધીને ૭૯૦૬૨૧.૮૧ કરોડ થઈ ગઈ છે. બીજી બાજુ એચડીએફસીની માર્કેટ મૂડીમાં નોંધપાત્રરીતે ઘટાડો થયો છે. તેની માર્કેટ મૂડી ૫૮૫૪.૩૩ કરોડ રૂપિયા ઘટીને ૩૩૩૧૮૮.૩૧ કરોડ થઈ છે. આઈસીઆઈસીઆઈ બેંકની માર્કેટ મૂડી ૧૬૫૭.૯૩ કરોડ રૂપિયા ઘટીને ૨૨૮૩૬૧.૭૫ કરોડ થઈ ગઈ છે. કોટક મહિન્દ્રા બેંકની માર્કેટ મૂડીમાં પણ છેલ્લા સપ્તાહમાં જોરદાર ગાબડો પડી ગયા છે. તેની માર્કેટ મૂડી ઘટીને ૨૪૦૦૦૬.૮૨ કરોડ થઈ ગઈ છે. એસબીઆઈની માર્કેટ મૂડી ૮૪૭.૮૩ કરોડ ઘટીને નીચી સપાટી ઉપર પહોંચી છે. ટોપ રેંકિંગની વાત કરવામાં આવે તો આરઆઈએલ પ્રથમ ક્રમાંક પર છે જ્યારે ટીસીએસ બીજા ક્રમાંક ઉપર છે. શુક્રવારના દિવસે પુરા થયેલા સપ્તાહ દરમિયાન સેંસેક્સ ૪૪૩ પોઈન્ટ ઉછળીને ૩૬૪૬૯ની સપાટીએ રહ્યો હતો.

## માર્કેટ મૂડીમાં વધારો.....

**મુંબઈ,તા. ૩**

**છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન બજારમાં તેજીના મોહાલ વચ્ચે ટીસીએસની માર્કેટ મૂડીમાં સૌથી વધુ વધારો થયો હતો છતાં આરઆઈએલ માર્કેટ મૂડીની દ્રષ્ટિએ હજુ પણ પ્રથમ ક્રમાંકે છે. ટીસીએસની માર્કેટ મૂડી ઉલ્લેખનીયરીતે વધી ગયા બાદ આગામી સપ્તાહમાં આરઆઈએલ સાથે ફરીવાર સ્પર્ધામાં ઉતારવા માટે ટીસીએસ તૈયાર છે. તે ફરી પ્રથમ સ્થાન મેળવી લે તેવી શક્યતા દેખાઈ રહી છે. માર્કેટ મૂડી કોની વધી તે નીચે મુજબ છે.**

| કંપની | માર્કેટ મૂડીમાં વધારો | કુલ માર્કેટ મૂડી |
|---|---|---|
| ટીસીએસ | ૪૧૯૧૪.૧૩ | ૭૬૨૦૧૫.૫૨ |
| ઈન્ફોસીસ | ૧૧૫૧૧.૩૯ | ૩૩૦૫૧૦.૦૬ |
| એચયુએલ | ૯૩૬૨.૧૧ | ૩૮૮૮૨૫.૦૭ |
| આઈટીસી | ૧૯૬૯.૯ | ૩૪૩૯૬૫.૦૩ |
| આરઆઈએલ | ૬૬૮.૬૩ | ૭૯૦૬૨૧.૮૧ |

**નોંધ : તમામ આંકડા કરોડમાં છે.**

## માર્કેટ મૂડીમાં ઘટાડો.....

**મુંબઈ,તા. ૩**

**શેરબજારમાં ટોચની ૧૦ કંપનીઓ પૈકીની ૫ કંપનીઓની માર્કેટ મૂડીમાં ઉલ્લેખનીયરીતે ઘટાડો થયો છે.**

| કંપની | માર્કેટ મૂડીમાં ઘટાડો | કુલ માર્કેટ મૂડી |
|---|---|---|
| એચડીએફસી | ૨૮૫૪.૩૩ | ૩૩૭૧૮૮.૩૧ |
| આઈસીઆઈસીઆઈ | ૧૬૫૭.૯૩ | ૨૨૮૩૬૧.૭૫ |
| કોટક મહિન્દ્રા | ૧૩૪૪.૯૨ | ૨૪૦૦૦૬.૮૨ |
| એસબીઆઈ | ૮૪૭.૮૪ | ૨૫૩૭૨૬.૦૨ |
| એચડીએફસી બેંક | ૬૨૫.૭૧ | ૫૬૯૦૨૯.૦૭ |

**નોંધ : તમામ આંકડા કરોડમાં છે.**

## યુપીના ૨.૨૧ કરોડ ખેડૂતોને લાભ થશે : અહેવાલ

# ખેડૂતોના ખાતામાં ૬૦૦૦નો સૌથી વધુ ફાયદો યુપીને રહેશે

### કેરળમાં ૯૯ ટકા ખેડૂત એવા છે જેમની પાસે ૫ એકરથી ઓછી જમીન છે : કેરળના ખેડૂતને પણ જંગી લાભ થશે

એજન્સી દ્વારા

નવીદિલ્હી, તા. ૩

આ વર્ષના વચગાળાના બજેટમાં નાના અને મધ્યમ વર્ગના ખેડૂતોને રાહત આપવા માટે સરકારે મહત્વપૂર્ણ પહેલ કરી છે. ખેડૂતોના ખાતામાં ૬૦૦૦ રૂપિયા જમા કરવાની જાહેરાત કરવામાં આવ્યા બાદ આનો સૌથી વધારે લાભ ઉત્તરપ્રદેશને મળનાર છે. ત્રણ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં હાર થયા બાદ મોદી સરકાર ખેડૂતોને પ્રભાવિત કરવા માટે વિવિધ પહેલ કરી રહી છે જેના ભાગરુપે ખેડૂતોના ખાતામાં છ હજાર રૂપિયા જમા કરવાના પગલાનો પણ સમાવેશ થાય છે. ચૂંટણી પહેલા મોદી સરકારના મોટા પગલા તરીકે આને જોવામાં આવે છે. ઉત્તરપ્રદેશમાં ભાજપ આ પગલાથી પોતાની સ્થિતિને વધારે મજબૂત કરનાર છે. ઉત્તરપ્રદેશમાં સંખ્યા મુજબ સૌથી વધારે ખેડૂત બે હેક્ટર અથવા તો પાંચ એકરથી ઓછી જમીન ધરાવે છે. કેરળ એવું રાજ્ય છે જ્યાં ખેડૂતોની વસતીની દ્રષ્ટિએ સૌથી વધારે ફાયદો થશે. કેરળના ૯૯ ટકા પાસે પાંચ એકરથી ઓછી જમીન રહેલી છે. મોદી સરકારના પ્રયાસ છે કે, કેરળ અને ઉત્તરપ્રદેશમાં સમર્થકોને મોટાપાયે તેમની તરફેણમાં કરવામાં આવે. ઈન્કમ સપોર્ટ પ્રોગ્રામ હેઠળ સરકારે પાંચ એકરથ ઓછી જમીનવાળા ખેડૂતોના ખાતામાં ૬૦૦૦ રૂપિયા જમા કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ રકમ ત્રણ ઈન્સ્ટોલમેન્ટમાં જમા કરવામાં આવનાર છે. આનાથી ૧૨ કરોડ ખેડૂતોને ફાયદો થશે. હજુ સુધીના આંકડા ઉપર નજર કરવામાં આવે તો આ યોજનાનો લાભ લેનારમાં ૫૦ ટકા ખેડૂત પાંચ રાજ્યોમાં છે. આમાથી સૌથી વધુ ખેડૂત ૨.૨૧ કરોડ ઉત્તરપ્રદેશના છે. ત્યારબાદ બિહારના ખેડૂતોની સંખ્યા આવે છે. બિહારમાં ૧.૫૯ કરોડ ખેડૂતો એવા છે જેમની પાસે પાંચ એકરથી ઓછી જમન રહેલી છે. આ મામલામાં મહારાષ્ટ્ર ૧.૧૮ કરોડ સાથે ત્રીજા, મધ્યપ્રદેશ અને આંધ્રપ્રદેશ ચોથા સ્થાને છે. આ રીતે પાંચ રાજ્યોમાં જ યોજનાના લાભાર્થી ખેડૂતોની સંખ્યા ૧૨ કરોડ પૈકીની અડધી છે. ૮૦ ટકા લાભાર્થી ખેડૂતો ૧૦ રાજ્યોમાં છે. ટકાવારીની દ્રષ્ટિએ કેરળ પ્રથમ સ્થાને છે જ્યાં ૯૯ ટકા ખેડૂતોની પાસે બે હેક્ટરથી ઓછી જમીન છે. ટકાવારીની દ્રષ્ટિએ કેરળ બાદ બિહાર અને બંગાળ, ઉત્તરપ્રદેશ અને તમિળનાડુના નંબર આવે છે. બિહાર અને બંગાળને છોડી દેવામાં આવે તો આ યાદીમાં આવનાર તમામ રાજ્યોમાં જમીનના ડિજિટલ રેકોર્ડ તૈયાર કરી લેવામાં આવ્યા છે. આ આંકડા ૨૦૧૫-૧૬ની કૃષિ વસતી પર આધારિત છે.

## રણવીર-આલિયા એ ઝૂંપડપટ્ટીમાં વીતાવ્યા ૨૫ દિવસ



એજન્સી દ્વારા- રણવીર સિંહ અને આલિયા ભટ્ટ અપકમિંગ ફિલ્મ 'ગલી બૉય'માં સાથે દેખાવાના છે. આ ફિલ્મમાં પહેલીવાર બંને સાથે સ્ક્રીન શૅર કરી રહ્યા છે. ફિલ્મના શૂટિંગ માટે રણવીર સિંહ અને આલિયા ભટ્ટ ૨૫ દિવસો મુંબઈની ઝૂંપડપટ્ટીમાં વીતાવ્યા.

ઉલ્લેખનીય છે કે ફિલ્મ મુંબઈની ધારાવીના અંડરગ્રાઉન્ડ રેપર્સના જીવન પર આધારિત છે. એટલે ઝોયા અખ્તરે સ્ટ્રીટ લાઈફના જીવનને યોગ્ય રીતે દર્શાવવા માટે ઝૂંપડપટ્ટીની પસંદગી કરી હતી. પરિણામે શૂટિંગ માટે રણવીર અને આલિયાએ ઝૂંપડપટ્ટીમાં દિવસો વવીતાવ્યા.

સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે,'મોટા ભાગની ફિલ્મ ઝૂંપડપટ્ટીના ખુલ્લા ભાગમાં શૂટ થઈ છે. બંને કલાકારોએ પોતાના પાત્રને ન્યાય આપવા માટે આ વિસ્તારોની મુલાકાત લીધી હતી'

ગલી બોયમાં રણવીરસિંહ એક સ્ટ્રીટ રૅપરના રોલમાં છે, તો આલિયા ભટ્ટ રણવીરસિંહની ગર્લફ્રેન્ડના રોલમાં છે. ગલી બૉય રૅપર નેઝી ઉર્ફે નાવેદ શેખ અને ડિવાઈન ઉર્ફે વિવિયન ફર્નાન્ડીઝની લાઈફ પર આધારિત છે.

એક્સેલ એન્ટરટેઈનમેન્ટ અને ટાઈગર બેબી દ્વારા નિર્મિત ઝોયા અખ્તરે ડિરેક્ટ કરેલી આ ફિલ્મ 'ગલી બૉય' ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ રિલીઝ થવાની છે.

## રોકાણકારો ચૂંટણી સુધી સાવધાન રહેવા ઈચ્છુક

# FPI દ્વારા જાન્યુઆરીમાં ૫૩૦૦ કરોડ ખેંચાયા છે

### વૈશ્વિક ઘટનાક્રમ અને ભારતમાં ચૂંટણી પહેલા કોઈ મોટા મૂડીરોકાણ ન કરવામાં આવે તેવી પ્રબળ સંભાવના છે

એજન્સી દ્વારા

મુંબઈ, તા.૩

શેરબજારમાં જાન્યુઆરી મહિનામાં ભારતીય મૂડી માર્કેટમાંથી વિદેશી મૂડીરોકાણકારોએ ૫૩૦૦ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. સામાન્ય ચૂંટણી પહેલા વિદેશી મૂડીરોકાણકારો કોઈપણ પ્રકારના જોખમ લેવા માટે તૈયાર નથી. નવેમ્બર-ડિસેમ્બર-૨૦૧૮ના ગાળા દરમિયાન મૂડી માર્કેટ ઈક્વિટી અને ડેબ્ટમાં ૧૭૦૦૦ કરોડ રૂપિયા ઠાલવી દેવામાં આવ્યા હતા જ્યારે ઓક્ટોબર મહિનામાં ૩૮૯૦૦ કરોડ રૂપિયાની જંગી રકમ પાછી ખેંચી લેવામાં આવી હતી. ડિપોઝિટરી પાસે ઉપલબ્ધ આંકડામાં જણાવવાં આવ્યું છે કે, ગયા મહિનામાં ડેબ્ટ માર્કેટમાંથી ૯૭ કરોડ અને ઈક્વિટી માર્કેટમાંથી ૫૨૬૭ કરોડ રૂપિયાની જંગી રકમ પરત ખેંચવામાં આવી હતી. આની સાથે જ કુલ ખેંચવામાં આવેલી રકમનો આંકડો ૫૩૬૧ કરોડનો રહ્યો હતો. ભારતમાં હવે યોજાનાર સામાન્ય ચૂંટણી અને વૈશ્વિક પરિબળો ઉપર રોકાણકારોએ ધ્યાન કેન્દ્રિત કરી દીધુ છે. જાણકાર લોકોનું કહેવું છે કે, આ પ્રવાહ હવે સામાન્ય ચૂંટણી સુધી યથાવત રહે તેવી શક્યતા છે. વૈશ્વિક ઘટનાક્રમ ઉતારચઢાવવાળા જેવા મળી રહ્યા છે. જાણકાર લોકોનું કહેવું છે કે, સામાન્ય ચૂંટણી પૂર્ણ થયા બાદ રોકાણકારો ફરીવાર નાણાં રોકવા માટે આગળ આવશે. અન્ય જે પરિબળો વિદેશી મૂડીરોકાણકારોને હાલમાં પરેશાન કરે છે તેમાં ક્રૂડની કિંમતોમાં સતત ફેરફાર, કરન્સીમાં ઉતારચઢાવ અને માઈક્રો ઈકોનોમિક પરિબળોને ધ્યાનમાં લેવામાં આવી રહ્યા છે. ગ્લોબલ ટ્રેડ વોરને લઈને પ્રવર્તી રહેલી ચિંતાની અસર પણ જોવા મળી રહી છે. આ તમામ પ્રકારના પરિબળો એફડીઆઈ પ્રવાહની દિશા નક્કી કરવામાં ભૂમિકા અદા કરશે. બજાજ કેપિટલના હેડ ઈન્વેસ્ટમેન્ટ નિષ્ણાતનું કહેવું છે કે, એફડીઆઈ પ્રવાહ આગામી મહિનામાં અસ્થિર રીતે રહી શકે છે. મૂડી પ્રવા પરત ખેંચવાનો સિલસિલો જારી રહી શકે છે. વેપાર વિખવાદો પણ જારી રહી શકે છે. અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવોરને લઈને તંગદિલી વધી રહી છે. સ્થાનિક માઈક્રો ઈકોનોમિક પરિબળોની સાથે સાથે ડોલર સામે રૂપિયામાં નરમાઈ, ક્રૂડ ઓઈલની કિંમતમાં ઉથલપાથલ, ટ્રેડ ડેફિસિટના આંકડા અને બજેટમાં જાહેર કરવામાં આવેલી યોજનાઓને લઈને પણ તેની અસર જોવા મળશે. એફપીઆઈ રોકાણકારો હાલ કેપિટલ માર્કેટ ઉપર વિશેષરીતે ધ્યાન આપી રહ્યા છે.

## અંતિમ વનડે : ન્યુઝીલેન્ડ પર ભારતની ૩૫ રને થયેલ જીત

એજન્સી દ્વારા

વેલિંગ્ટન,તા. ૩

વેલિંગ્ટન ખાતે આજે રમાયેલી પાંચમી અને અંતિમ વનડે મેચમાં ભારતે ન્યુઝીલેન્ડ ઉપર સરળ જીત મેળવી હતી. પ્રથમ બેટિંગ કરતા ભારતે ૪૯.૫ ઓવરમાં ૨૫૨ રન કર્યા હતા જેના જવાબમાં ન્યુઝીલેન્ડની ટીમ ૨૫૩ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ૪૪.૧ ઓવરમાં ૨૧૭ રન કરીને આઉટ થઈ ગઈ હતી. ન્યુઝીલેન્ડ તરફથી નિશામે સૌથી વધુ ૪૪ રન કર્યા હતા જ્યારે વિલિયમસને ૩૯ રન બનાવ્યા હતા. આ ઉપરાંત લાથમે ૩૭ રન કર્યા હતા. ભારત તરફથી ચહલે ત્રણ, પંડ્યા અને સામીએ બે-બે વિકેટ ઝડપી હતી. આ મેચની સાથે જ ભારતે પાંચ મેચોની શ્રેણી ૪-૧થી જીતી લીધી હતી. મેન ઓફ દ મેચ તરીકે રાયડુની પસંદગી કરવામાં આવી હતી જ્યારે મેન ઓફ દ સિરિઝ તરીકે સામીની પસંદગી કરાઈ હતી. ભારતે રાયડુના ૯૦ રનની મદદથી ૨૫૨ રન કર્યા હતા જેના જવાબમાં ન્યુઝીલેન્ડના બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા. ભારત તરફથી શંકરે ૪૫, જાધવ ૩૪ અને પંડ્યાએ ૪૫ રન બનાવ્યા હતા. ધોની એક રન કરીને આઉટ થયો હતો. અગાઉ હેમિલ્ટન ખાતે રમાયેલી ચોથી વનડે મેચમાં ન્યુઝીલેન્ડે ભારત પર આઠ વિકેટે જીત મેળવી હતી. ભારતીય ટીમે આ મેચમાં ખુબ કંગાળ દેખાવ કર્યો હતો. સમગ્ર ટીમ ૩૦.૫ ઓવરમાં માત્ર ૯૨ રન કરીને આઉટ થઈ ગઈ હતી. જેના જવાબમાં ન્યુઝીલેન્ડની ટીમે ૧૪.૪ ઓવરમાં બે વિકેટ ગુમાવીને આ રન બનાવી લીધા હતા. આની સાથે જ ભારતની કારમી હાર થઈ હતી. ૨૧૨ બોલ ફેંકવાના બાકી હતા ત્યારે યજમાન ન્યુઝીલેન્ડે જીત મેળવી હતી. ન્યુઝીલેન્ડના ઝડપી બોલર બોલ્ટે ૧૦ ઓવરમાં જોરદાર તરખાટ મચાવીને ૨૧ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી. ગ્રાન્ડહોમે ૨૬ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી.તે પહેલા માઉન્ટ મોનગાનુઈમાં રમાયેલી ત્રીજી મેચમાં ભારતીય ટીમે જોરદાર દેખાવ કર્યો હતો. યજમાન ટીમ ૪૯ ઓવરમાં ૨૪૩ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ત્યારબાદ રોહિત શર્માના ૬૨ અને વિરાટ કોહલીના ૬૦ રનની મદદથી ભારતે ૪૩ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને જીતવા માટેના જરૂરી રન ૨૪૫ રન કરીને મેચ જીતી લીધી હતી. આની સાથે જ ભારતે ન્યુઝીલેન્ડમાં ૧૦ વર્ષના લાંબાગાળા બાદ દ્વિપક્ષીય શ્રેણી પોતાના નામ ઉપર કરી હતી.

# પોલિસી બેઠકમાં વ્યાજ દરમાં નજીવો ઘટાડો કરવાની તૈયારી

એજન્સી દ્વારા

મુંબઈ, તા. ૩

આરબીઆઈની નાણાંકીય પોલિસી સમીક્ષાની બેઠક ઉપર પણ હવે કારોબારીઓ, શેરબજાર, કોર્પોરેટ જગતની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. સાતમી ફેબ્રુઆરીના દિવસે તેની રેટ પોલિસીની જાહેરાત આરબીઆઈ દ્વારા કરવામાં આવનાર છે. આરબીઆઈ સામે પ્રવર્તમાન સ્થિતિમાં વ્યાજદરને લઈને અનેક પડકારો ઉભા થઈ ગયા છે. ફુગાવાની સ્થિતિ હળવી થઈ ગઈ છે જેથી રિઝર્વ બેંક વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે. જાણકાર લોકોનું કહેવું છે કે, પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં લઈને આરબીઆઈ વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી શકે છે. જો વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવશે તો લોન સસ્તી થવાનાનો માર્ગ મોકળો થશે. જૂન મહિનામાં વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવે તે અર્થશાસ્ત્રીઓ દ્વારા એવો અભિપ્રાય આપવામાં આવ્યો છે કે, ફેબ્રુઆરી મહિનામાં આરબીઆઈ તટસ્થ વલણ અપનાવશે નહીં અને વ્યાજદરમાં ઘટાડો કરશે. છેલ્લી બેઠકમાં રિઝર્વ બેંકે રેપોરેટના દરને યથાવત ૬.૫૦ ટકા જાળવી રાખ્યો હતો પરંતુ આ વખતે તેમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરીને કારોબારીઓને ચોંકાવવામાં આવી શકે છે.

### બનાવને પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર

# વિસાવદરમાં માતાએ ચાર સંતાનો સાથે આપઘાત કર્યો

## ઘરકંકાસમાં કંટાળેલી માતાએ સંતાનો સાથે ૭૦ ફુટ ઉંડા કૂવામાં ઝંપલાવ્યું : માતા, બે પુત્રી તેમજ એક પુત્રનું મૃત્યુ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા.૩

જૂનાગઢ જિલ્લાના વિસાવદરના જેતલવડ ગામે ચારણ પરિવારની મહિલા જીવુબેન કાળુભાઇ વિરમએ પોતાની બે પુત્રી જાનવી અને હેત્વી તથા બે પુત્રો કરણ અને રાજુ સાથે ૭૦ ફૂટ ઊંડા કૂવામાં ઝંપલાવ્યું હતું. જેમાં માતા જીવુબેન, જાનવી, હેત્વી અને કરણનું મોત નીપજ્યું હતું. જ્યારે સાત વર્ષના રાજુને બચાવી લેવાયો છે. તેને સારવાર માટે જૂનાગઢ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો છે. બનાવને પગલે સમગ્ર પંથકમાં જબરદસ્ત ચકચાર મચી ગઇ હતી તો, માતા અને સંતાનોના મોતના સમાચાર વાયુવેગે પ્રસરતાં સ્થાનિક ગ્રામજનોમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરી ગઇ હતી. ઘટનાને પગલે વિસાવદર પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને સ્થાનિક તરવૈયાઓ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં, માતાએ રોજબરોજના ઘરકંકાસથી કંટાળીને ત્રસ્ત થઇ પોતાના ચાર સંતાનો સાથે કૂવામાં ઝંપલાવ્યું હોવાની વિગતો સામે આવી હતી. જો કે, તેમછતાં પોલીસે ઘટના પાછળના ચોક્કસ કારણ જાણવાની દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. માતાએ પોતાના ચાર બાળકો સાથે જેતલવડથી લાલપુરના રસ્તે ૭૦ ફૂટ ઊંડા પાણી ભરેલા કૂવામાં કૂદીને આપઘાત કર્યો હતો. આ ઘટનાની જાણ થતા ૧૦૮ અને પોલીસ તેમજ ધારાસભ્ય સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો દોડી આવ્યા હતા. ઘટનાને પગલે ગ્રામજનોમાં શોકનો માહોલ છવાઇ હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ગૃહકંકાસને કારણે આવું પગલું ભર્યાનું બહાર આવ્યું છે. માતા જીવુબેને પહેલા પોતાના બે પુત્રો અને બે પુત્રીને ફેંકી બાદમાં પોતે કૂવામાં કૂદકો લગાવી ઝંપલાવ્યું હતું. જેમાં માતા જીવુબહેન, બે પુત્રીઓ જાનવી અને હેત્વી તેમ જ પુત્ર કરણ એમ કુલ ચાર જણાંના કરૂણ મોત નીપજયા હતા. ઘટનાની જાણ થતાં વિસાવદર પોલીસ તાત્કાલિક ત્યાં દોડી આવી હતી અને સ્થાનિક તરવૈયાઓની મદદથી માતા અને સંતાનોને બહાર કાઢયા હતા. જેમાં એક પુત્ર રાજુને બચાવી લેવાયો હતો અને તેને તાત્કાલિક સારવાર માટે નજીકની જૂનાગઢ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. વિસાવદર પોલીસે માતા પર ૩૦૨નો ગુનો નોંધી પરિવારજનોના નિવેદનો લેવાની તજવીજ હાથ ધરી હતી. ઘટના અંગે જૂનાગઢના એસપી સૌરભસિંઘે જણાવ્યું હતું કે, પટેલની વાડીમાં આવેલા કૂવામાં માતાએ ચાર બાળકો સાથે ઝંપલાવ્યું હતું. એક બાળક બચી ગયું છે અને તેની હાલત નાજુક છે. તેને સારવાર માટે જૂનાગઢ ખસેડાયો છે. તે ભાનમાં આવશે તો તેનું નિવેદન લઇશું અને આખી ઘટના વિશે જાણીશું. આપઘાત કરવાના ઈરાદે જ તેઓએ કૂવામાં ઝંપલાવ્યાનું હાલ પોલીસની તપાસમાં બહાર આવ્યું છે. જો કે, પોલીસે આ સામૂહિક આત્મહત્યા પાછળના ચોક્કસ કારણ જાણવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### ખેડૂતો સાથે મોદીએ મજાક કરી છે : રાહુલ ગાંધી

# કોંગીની સરકાર આવશે તો દરેક ગરીબને ચોક્કસ રકમ

## પટણા ગાંધી મેદાનમાં જનઆકાંક્ષા રેલીમાં વિરોધ પક્ષો દ્વારા ફરી શક્તિ પ્રદર્શન : અનેક વિપક્ષી નેતાઓ ઉપસ્થિત

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા.૩

બિહારના પટણા મેદાનમાં વિરોધ પક્ષોએ આજે ફરી એકવાર શક્તિ પ્રદર્શન કર્યું હતં જેમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પણ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધી મેદાનમાં જનઆકાંક્ષા રેલી યોજાઈ હતી. રાહુલે કહ્યું હતું કે, કેન્દ્રમાં જો તેમની સરકાર આવશે તો ભારતના દરેક ગરીબ વ્યક્તિને લઘુત્તમ આવકની ગેરન્ટી આપવામાં આવશે. દરેક વ્યક્તિના બેંક ખાતામાં ફિક્સ્ડ એમાઉન્ટ મુકવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, ખેડૂતના પરિવારના સભ્યોને ત્રણ રૂપિયા આપવાની જાહેરાત કરી છે પરંતુ કોંગ્રેસ આવું કરશે નહીં. રાહુલે એમ પણ કહ્યું હતું કે, દેશના ખેડૂતોને ૧૭ રૂપિયા આપવામાં આવી રહ્યા છે અને ખુશી પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. રાહુલે નોટબંધીને દેશના સૌથી મોટા કૌભાંડ તરીકે ગણાવીને ફરીવાર આક્ષેપો કર્યા હતા. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, "મોદીજી બજેટમાં ખેડૂતોને રોજના ૧૭ આપ્યાં, પરંતુ વિજય માલ્યાને ૧૦ હજાર રૂપિયા આપે છે. મોદીજી અચાનક ટીવી પર આવ્યાં અને કહ્યું કે કાળું ધન ખતમ કરવાનું છે તેથી મોટી નોટ નહી ચાલે. ૨૦૦૦ની નોટ ચાલશે. લોકોને બેંકની સામે ઊભા કરી દીધાં. મહિલાઓએ પૈસા બચાવીને રાખ્યાં હતા તે બેંકમાં જમા કરાવી દીધાં. તમારા ખીસ્સામાંથી પૈસા કાઢીને નીરવ, માલ્યા જેવાં લોકોના ખીસ્સામાં નાંખ્યા. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, "મોદીજીએ દેશમાં નવી ફેશન શરૂ કરી છે. ખેડૂત પોતાના ખીસ્સામાંથી વીમા માટે પૈસા આપે, ખબર પડે કે તે પણ અનિલ અંબાણી અને નીરવ મોદીના ખીસ્સામાં જતા રહ્યાં. પહેલી હરિત ક્રાંતિ હરિયાણા અને પંજાબમાં થઈ હતી. બીજી ક્રાંતિ છત્તીસગઢ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને બિહારમાં થશે. દિલ્હીમાં કોંગ્રેસની સરકાર આવશે તો અમે પૂરાં દેશના ખેડૂતોનું દેવું માફ કરીશું. મોદીજી કેટલાં પણ ભાષણ આપે, ખેડૂત જવાબ આપશે. કોંગ્રેસ બેકફુટ પર નહીં ફ્રંટફુટ પર રમવા જઈ રહી છે. અમે છગ્ગો મારીશું." રાહુલે કહ્યું, "નાલંદા વિશ્વવિદ્યાલયમાં પૂરી દુનિયાથી લોકો શિક્ષા માટે આવતાં હતા. રાજ્ય અને કેન્દ્ર સરકારે તેના માટે કંઈ જ ન કર્યું. પટનાની જનતા એક વાયદો સાંભળી લે, કોંગ્રેસની સરકાર આવશે તો પટના વિશ્વવિદ્યાલયને સેન્ટ્રલ યુનિવર્સિટીનો દરજ્જો મળશે.

આજે બિહાર બેરોજગારીનું સેન્ટર છે. અહીના યુવાનો દેશભરમાં ચક્કર મારે છે. તેઓ ગુજરાત જાય છે તો કહેવાય છે કે પાછા જાવો અહીં કામ નથી." RJD નેતા તેજસ્વી યાદવે કહ્યું કે, "આજે ભાજપ વિરૂદ્ધ તમામ લોકોએ એક થવાની જરૂર છે. એક જોક્સ છે કે સ્વર્ગમાં ભગવાન રામને એડકી આવે છે તો માતા સીતા પૂછે છે કે શું થયું પ્રભુ? ભગવાન રામ કહે છે કે લાગે છે કે ચૂંટણી છે એટલે ભાજપ યાદ કરે છે. હું રાહુલજીને કહેવા માંગુ છું કે બિહાર એક પછાત રાજ્ય છે. જ્યારે તમે બનશો તો બિહારનું ખાસ ધ્યાન રાખજો." કોંગ્રેસની રેલીમાં મંચ પર ઈત્તદ્ઘ નેતા તેજસ્વી યાદવ, NDAથી અલગ થયેલાં RLSP નેતા ઉપેન્દ્ર કુશવાહા, હિંદુસ્તાન અવામ મોર્ચાના નેતા જીતનરામ માંઝી, લોકતાંત્રિક જનતા દળના પ્રમુખ શરદ યાદવ, વિકાસશીલ ઈન્સાન પાર્ટીના નેતા મુકેશ સાહની, CPIના નેતા સત્યનારાયાણ સિંહ, CPMના અવધેશ કુમાર અને બિહાર ભાકપા-માલેના કૃણાલ હાજર રહ્યાં.

# અમદાવાદ એરપોર્ટ : બોમ્બ મૂકાયાના મેસેજથી ભાગદોડ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા.૩

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર આજે બોમ્બ મૂકાયો હોવાનો મેસેજ મળ્યો હતો. જેના પગલે સમગ્ર એરપોર્ટ પર અફરાતફરી મચી ગઇ હતી. તો એરપોર્ટ પરના સુરક્ષા કર્મી સહિત ડોગ સ્કવોડ, બોંબ સ્કવોડ સહિતની સુરક્ષા ટીમોની એક્શનમાં આવી ગઈ હતી. સઘન તપાસના અંતે એરપોર્ટ પરથી કોઇ વાંધાજનક ચીજવસ્તુ નહી મળી આવતાં બોંબ મૂકાયાની આખીય વાત બોગસ અને અફવા પુરવાર થઇ હતી. જો કે, આજની બોંબ મૂકાયાની અફવાને પગલે અમદાવાદ એરપોર્ટ પર સેંકડો પ્રવાસીઓને ભારે હાલાકી અને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, દિલ્હી એર ઈન્ડિયાએ અમદાવાદ એર ઈન્ડિયાના મેનેજરને અમદાવાદ એરપોર્ટમાં બોંબ મૂકાયા અંગે જાણ કરી હતી. જેને પગલે એરપોર્ટ ઓથોરિટી દ્વારા તત્કાળ એરપોર્ટ ખાલી કરાવાયું હતું. બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડની ટીમ કામે લગાડીને એરપોર્ટની સઘન તપાસ હાથ ધરાઇ હતી.

અમદાવાદ પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો એરપોર્ટ દોડી ગયો હતો. બોમ્બના મેસેજના પગલે એરપોર્ટ પર હાજર મુસાફરોને હેરાનગતિ થઈ હતી. પોતાની નિયત ફ્લાઈટના સમયમાં ફેરફાર થતાં લોકોને જોરદાર હાલાકીનો ભોગ બનવુ પડયું હતુ કારણ કે, તેમના નિયત શીડયુલ ખોરવાઇ ગયા હતા. અહેવાલો અનુસાર, કોલ કરનારની ઓળખ ચિરાગ મહેતા તરીકે કરવામાં આવી છે જેમણે બોંબ ધમકીનો કોલ કર્યો હતો. જેના પછી સલામતીને મજબૂત કરવામાં આવી હતી. આ મેસેજમાં બૉમ્બ બપોરે ૧.૩૦ વાગ્યે ફૂટશે તેવું જણાવવામાં આવ્યું હતું. આ મેસેજ પછી બોમ્બ સ્કવોડ અને ડોગ સ્ક્વોડ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી પરંતુ સઘન તપાસ બાદ આખરે એરપોર્ટ પરથી કોઈપણ વિસ્ફોટક પદાર્થ કે વાંધાજનક ચીજવસ્તુ નહી મળતાં આખરે બોંબ મૂકાયની આખીય વાત બોગસ અફવા પુરવાર થઇ હતી. જેને પગલે તંત્રની સાથે સાથે મુસાફરોએ પણ રાહતનો દમ લીધો હતો.

### અમદાવાદમાં લઘુત્તમ તાપમાન વધીને ૧૩.૨ ડિગ્રી

# અમદાવાદ સહિત રાજ્યમાં ઠંડીનું જોર ઘટતા રાહત થઈ

## લઘુત્તમ તાપમાનમાં હજુ બેથી ત્રણ ડિગ્રીનો વધારો ઝીંકાશે



પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૩

અમદાવાદ સહિત રાજયભરમાં ઠંડીનું જોર હવે ઘટી રહ્યું છે. આગામી બે ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં વધુ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આનો મતલબ એ થયો કે, હવે ઠંડીની પૂર્ણાહૂતિ થઇ રહી છે. હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી પણ કોલ્ડવેવને લઇને જારી કરવામાં આવી નથી. આજે રાજયના તમામ વિસ્તારોમાં પારો ૧૦થી ઉપર રહ્યો હતો. ઉલ્લેખનીય નીચુ તાપમાન કોઇ જગ્યાએ નોંધાયું ન હતું. ગાંધીનગરમાં ૧૨.૨, વલસાડમાં ૧૨.૬, રાજકોટમાં ૧૦.૨ અને નલિયામાં ૧૨.૧ સિવાય અન્યત્ર પારો ઉંચો રહ્યો હતો. અમદાવાદ માટેની આગાહીમાં જણાવાયું છે કે, આવતીકાલે લઘુત્તમ તાપમાનમાં વધુ વધારો થશે. સૌરાષ્ટ્ર, કચ્છ, દિવ દમણ દાદરાનગર હવેલીમાં ડ્રાય વાતાવરણ રહેવાની સંભાવના દેખાઈ રહી છે. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડિગ્રી રહ્યું હતું. ઠંડા પવનો ફુંકાવાના કારણે સવારમાં લોકોએ ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો. જોકે હવે ઠંડી વિદાય લેશે તેમ માનવામાં આવે છે. હવામાન વિભાગ તરફથ કોઈપણ પ્રકારની કોલ્ડવેવની ચેતવણી જારી કરવામાં આવી નથી. જેથી રાહત રહેવાના સંકેત છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઠંડીનો ચમકારો લોકો અનુભવી રહ્યા છે. વહેલી સવારે કામ ઉપર જતાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. તાપમાન વધ્યુ હોવા છતાં છેલ્લા કેટલાક દિવસથી લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ દેખાઈ રહ્યા છે. સવારમાં અને મોડી સાંજે ઠંડીના ચમકારા વચ્ચે બપોરના ગાળામાં લોકોને આંશિક રાહત મળી રહી છે. ઉત્તર ભારતમાં થયેલી હિમવર્ષાની અસરને કારણે ઠંડીનું જોર વધ્યું છે જેને લઇને બનાસકાંઠા જિલ્લાને અડીને આવેલા હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં આજે છેલ્લા ઘણા દિવસથી તાપમાનમાં સતત ઘટાડો નોંધાયો હતો જેને લઇને હિલ સ્ટેશનના મેદાની વિસ્તારોમાં ઘાસ પર, નાળાઓમાં, ઘરોની બહાર રાખેલા વાસણો અને કારની ઉપરના ભાગે બરફની ચાદરો જામી હતી. રાજસ્થાનનું એકમાત્ર હિલ સ્ટેશન માઉન્ટ આબુ ખાતે પણ હાલ ગયેલા પ્રવાસીઓ અટવાઈ પડ્યા છે કારણ કે અહીં તીવ્ર ઠંડીનો ચમકારો અનુભવાયો છે. પારો માઈનસ સુધી પહોંચી ગયો છે. પ્રવાસીઓને હોટલોમાં જ રહેવાની ફરજ પડી છે. ગુજરાતમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થતાં ઠંડીથી લોકોને રાહત થઇ છે.

### આરોપી મહિલા સાત દિવસના રિમાન્ડ ઉપર

# માનવ તસ્કરી કાંડમાં મહિલા દલાલ માયા અંતે પકડાઈ ગઈ

## માયાએ પ્રકાશ મરાઠી સહિતના આરોપીની ગેંગ મારફતે આ પ્રકારે ઘણી યુવતીઓને વેચી હતી : રિપોર્ટમાં ઘટસ્ફોટ



પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા.૩

અમદાવાદ શહેરમાંથી ઇસનપુર પોલીસે માનવ તસ્કરીનું મોટું કૌભાંડ ઝડપી લીધું છે. કાગડાપીઠ વિસ્તારમાંથી અપહરણ કરાયેલી અને બાદમાં જુદા જુદા વ્યકિતઓને વેચી મરાયેલી સગીરા પાંચ વર્ષ બાદ પોલીસને હાથ લાગી છે. આ સંવેદનશીલ કૌભાંડમાં પોલીસે મુખ્ય મહિલા આરોપી દલાલ માયાની ધરપકડ કરી લીધી છે. પોલીસે આરોપી મહિલા દલાલ માયાને કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે તા.૭મી ફેબ્રુઆરી સુધીના મહિલા દલાલ માયાના રિમાન્ડ મંજૂર કર્યા હતા. પોલીસ તપાસમાં એવી ચોંકાવનારી માહિતી સામે આવી હતી કે, આરોપી મહિલા દલાલ માયાએ તેના સાગરિતો પ્રકાશ મરાઠી, બાબુ સહિતના આરોપીઓની મદદથી કાગડાપીઠ વિસ્તારની એક યુવતીને રૂ.ત્રણ લાખમાં વેચી મારી હતી અને પૈસા લઇ તેના બેથી ત્રણ જણાં સાથે બારોબાર લગ્ન કરાવી દીધા હતા. એટલું જ નહી, આરોપીઓ દ્વારા અપહ્યુત યુવતીને માનસિક ત્રાસ અને ટોર્ચર પણ અપાતા હતા, એટલે સુધી કે તેને નોનવેજ, દારૂ-સીગારેટ પીવા મજબૂર કરાતી હતી. પોલીસે હાથ ધરેલી તપાસમાં આરોપી મહિલા દલાલ માયાએ તેની ગેંગની મદદથી અન્ય યુવતીઓને પણ આ પ્રકારે વેચી મારી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે, જેને લઇ હવે પોલીસે આ માનવતસ્કરી કૌભાંડમાં ઝીણવટભરી તપાસ આરંભી છે. ચકચારભર્યા આ કેસની વિગતો એવી છે કે, વર્ષ ૨૦૧૪માં કાગડાપીઠ વિસ્તારમાં ટ્યૂશનમાં ગયેલી સગીરા પરત નહીં આવતા તેના પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. કાગડાપીઠ પોલીસે બે વર્ષ તપાસ કરવા છતાં સગીરાનો પત્તો મળ્યો નહોતો. તેથી સગીરાના પિતાએ આ કેસની તપાસ અન્ય એજન્સીને સોંપવા અરજી કરી હતી. હાઇકોર્ટે સીઆઇડી ક્રાઇમને તપાસ સોંપી હતી. તેને પણ બે વર્ષ સુધી કંઇ હાથ લાગ્યું નહોતું. આ દરમ્યાન સગીરાના પિતાએ સીઆઇડી ક્રાઇમને કેટલાક એવા મુદ્દા આપ્યા હતા કે તેમની દિકરીની માનવ તસ્કરી થઇ છે, તેના માટે તેની સાથે ગયેલી તેની બહેનપણીની તપાસ કરવી જોઇએ. આમ છતાં સીઆઇડી ક્રાઇમે આ મુદ્દા તપાસ્યા નહોતા. છેવટે કોર્ટે સીબીઆઇને તપાસ સોંપી હતી. સીબીઆઇએ ત્રણ મહિનામાં કોર્ટમાં રિપોર્ટ રજૂ કર્યો હતો કે, સમગ્ર મામલે માનવ તસ્કરીનું કૌભાંડ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. એક જ વિસ્તારની ત્રણ સગીરાની માનવ તસ્કરી થઇ હોવાનું સામે આવ્યું હતું. જેમાં માયા નામની મહિલાએ ગુમ થયેલી કિશોરી સહિતને ત્રણ વખત અલગ-અલગ વ્યકિતને વેચી હતી. સીબીઆઇએ કોર્ટ સમક્ષ રજૂ કરેલા રિપોર્ટમાં ઘટસ્ફોટ કર્યો છે કે સગીરાને વેચનાર માયા નામની મહિલા ઝડપાઇ ગઇ છે, તેણે સગીરાને ત્રણ વાર વેચી હોવાનું કબુલ્યું હતુ. કાગડાપીઠ વિસ્તારમાંથી રીક્ષાવાળાની મદદથી ગુમ સગીરા સહિતની બે સગીરા વેચી મરાઇ હતી. દરમ્યાન પોલીસે ભાળ મળેલી યુવતીની પાસેથી પણ આરોપી મહિલા દલાલ માયા અને તેની સાથે સંકળાયેલા અને સંડોવાયેલા અન્ય ગુનેગારો વિશે ઝીણવટભરી માહિતી મેળવી તેના આધારે પણ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. જેના આધારે આગામી દિવસોમાં આ કેસમાં મહત્વના ખુલાસા થવાની અને વધુ ધરપકડો થવાની પૂરી શકયતા છે.

# પીએસઆઇ-કોન્સ્ટેબલોને ૩ બીએચકેના મકાનો મળશે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા.૩

રાજ્ય સરકાર દ્વારા આજે વધુ એક મહત્વની જાહેરાત કરવામાં આવી હતી કે, રાજ્યના પોલીસ કોન્સ્ટેબલ અને પીએસઆઇ તરીકે ફરજ બજાવતા અધિકારીઓને ૨ બીએચકેના ક્વાર્ટર્સના બદલે હવેથી ૩ બીએચકેના ક્વાર્ટર્સ મળશે. પોલીસ અધિકારીઓને સવલતો વધે અને પારિવારીક જીવનમાં સરળતા વધે તે હેતુંથી અત્યાર સુધી પોલીસ કોન્સ્ટેબને મળતાં ૪૧.૮૫ ચો.મી.ના ૨ બીએચકેના બદલે ૫૦થી ૫૫ ચો.મી.ના ૩ બીએચકેના ક્વાર્ટર્સ મળશે. જ્યારે પીએસઆઇને મળતાં ૫૫.૪૬ ચો.મી.ના ૨ બીએચકેના બદલે ૬૦થી ૬૫ ચો.મી.ના ૩ બીએચકે ક્વાર્ટર્સ મળશે. આ અંગેની સત્તાવાર જાહેરાત ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કરી હતી. સરકારની આ જાહેરાતને પગલે સમગ્ર રાજ્યના પોલીસ બેડામાં ખાસ કરીને પોલીસ કોન્સ્ટેબલ અને પીએસઆઇ આલમમાં ભારે ખુશીની લાગણી ફેલાઇ જવા પામી છે. ગુજરાતના પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓને રહેવા માટે મળતા સરકારી આવાસના આકારમાં મોટા કરવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાના જણાવ્યા અનુસાર, રાજ્યના પોલીસ બેડામાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ અને પીએસઆઇને હવે બે રૂમના બદલે ત્રણ રૂમના મકાન મળશે. પોલીસ અને તેમના પરિવારની સવલતોમાં વધારો થાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જે અનુસાર પહેલા કોન્સ્ટેબલને મળતા મકાન ૪૧.૮૫ ચોરસ મીટરનાં હતા તે હવે વધારીને ૨ બીએચકેનાં ૫૦થી ૫૫ ચોરસ મીટરના બનશે. જ્યારે પીએસઆઇને હાલમાં ૫૫.૪૬ ચોરસ મીટરના મકાન મળે છે તે હવે વધારીને ૩ બીએચકેનાં ૬૦થી ૬૫ મીટરના કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યના અમદાવાદ સહિતના શહેરોમાં હાલમાં પણ ઘણા પોલીસકર્મીઓ એવા છે જેઓના નામ સરકારી મકાન મેળવવામાં હાલમાં પણ વેઇટિંગમાં છે ત્યારે હવે જોવુ રહ્યું કે નવા મોટા આકારના મકાનો ક્યાં સુધીમાં પોલીસકર્મીઓ અને અધિકારીઓને મળે છે. દિવસ-રાત લોકો અને નેતાઓની સુરક્ષા માટે ફરજ બજાવતા પોલીસકર્મીઓની રહેવાની સમસ્યા સરકારે ઝડપથી દૂર કરવી જોઈએ તેવી લાગણી પણ પોલીસ બેડામાં ઉઠવા પામી છે.

### ધરણા પ્રદર્શન કરવાની મમતા બેનર્જીની દલીલ

# ચીટ ફંડ : તપાસ વેળા CBI અને પોલીસ વચ્ચે ઝપાઝપી

## પોલીસ કમિશનરની પુછપરછ કરવા સીબીઆઈની ટીમ પહોંચી ત્યારે અધિકારીઓને પોલીસે અટકાયતમાં લીધા

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા.૩

પશ્ચિમ બંગાળમાં સીબીઆઈ અને પોલીસ ટુકડી આમને સામને આવી ગઈ છે. આજે અભૂતપૂર્વ ઘટનાક્રમનો દોર જોવા મળ્યો હતો. સનસનાટીપૂર્ણ શારદા કૌભાંડમાં કોલકાતાના પોલીસ કમિશનર રાજીવકુમારની પુછપરછ કરવા માટે પહોંચેલી સીબીઆઈની ટીમને પોલીસે અટકાયતમાં લઇ લીધી હતી જયાં એકબાજુ પોલીસ કોલકાતામાં સીબીઆઈના જોઈન્ટ ડિરેક્ટરને પકડી પાડવા તેમના આવાસ ઉપર પહોંચી હતી. બીજી બાજુ બંગાળના ડીજીપી રાજીવકુમારના આવાસ ઉપર પણ ટીમ પહોંચી હતી જયાં મુખ્યમંત્રી મમતા બેનર્જી અધિકારીઓ સાથે મિટિંગ કરવા પહોંચ્યા હતા. કોલકાતાના મેયર હાકીમ પણ પોલીસ કમિશનર રાજીવકુમારના આવાસે પહોંચ્યા હતા. દેશ નરેન્દ્ર મોદીથી પરેશાન હોવાનો આક્ષેપ આક્ષેપ મમતા બેનર્જીએ કર્યો હતો. આ સમગ્ર મામલાં હેરાન કરનાર બાબત એ છે કે, સીબીઆઈની ટીમ પોલીસ કમિશનર રાજીવકુમારના આવાસે પહોંચી ત્યારે ટીમને કહેવામાં આવ્યું કે, કુમાર ઘરમાં નથી. અલબત્ત મમતા બેનર્જી દ્વારા પ્રેસ કોન્ફરન્સ બાદ કમિશનર રાજીવ કુમાર ઘરથી બહાર આવ્યા હતા.પુછપરછ માટે ટીમ કમિશનરના આવાસે પહોંચી ત્યારે થોડાક સમય બાદ કોલકાતા પોલીસ અને સીબીઆઈના અધિકારીઓ વચ્ચે ઝપાઝપી પણ થઇ હતી. ત્યારબાદ પોલીસે સીબીઆઈની ઓફિસ જીસીઓ ઓફિસ ઉપર કબજો જમાવ્યો હતો. આ મુદ્દો શારદા ચીટ ફંડ સાથે સંકળાયેલો છે. આ મુદ્દે સંબંધિત કેટલીક ફાઇલો ગુમ હતી. એટલા માટે સીબીઆઇ રાજીવ કુમારની પુછપરછ કરી રહી હતી. ત્યાર બાદ સીબીઆઇ અધિકારીઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. મળતી માહિતી અનુસાર ઇતિહાસમાં આ પહેલીવાર થયું છે જયારે, પોલીસે સીબીઆઇ અધિકારીઓની જ ધરપકડ કરવામાં આવી હોય. કહેવાઇ તો તેમ પણ રહ્યું છે કે ઘટના સ્થળ પર પોલીસ અને અધિકારીઓ વચ્ચે ઘર્ષણ પણ થયું હતું. કહેવાઇ રહ્યું છે કે, પોલીસે કોલકાતામાં સીબીઆઇ ઓફીસ પર કબ્જો કરી લીધો છે. બીજી તરફ હાઇપ્રોફાઇલ ડ્રામા ચાલી રહ્યો હતો. તે સમયે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પોલીસ કમિશ્નરને મળવા માટે પહોંચી ગયા. સુત્રો અનુસાર જયારે સીબીઆઇ અધિકારી પોલીસ કમિશ્નરની પુછપરછ કરવા માટે પહોંચ્યા તો પોલીસ સાથે તેમની સામાન્ય ધોલ ધપાટ થઇ હતી. ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળ સરકારે સૌથી પહેલા પ્રતિબંધ લગાવ્યો હતો કે તેમના રાજ્યમાં સીબીઆઇ પરવાનગી વગર કોઇ પગલા નહી લે. હવે ભાજપ સવાલ ઉઠાવી રહ્યું છે કે, મમતા બેનર્જી આખરે સીબીઆઇથી શા માટે ગભરાઇ રહ્યા છે ? મીડિયા રિપોર્ટ અનુસાર પુછપરછ માટે આવેલા અધિકારીઓનાં ડ્રાઇવરને સૌથી પહેલા ત્યાંથી હટાવી દેવાયો. ત્યાર બાદ પોલીસે એક પછી એક તમામ અધિકારીઓને પોલીસ સ્ટેશન મોકલી આપ્યા હતા. ભાજપ મહિલા મોર્ચાના અધ્યક્ષ લોકેટ ચેટર્જીએ કહ્યું કે, ભ્રષ્ટાચાર વિરુદ્ધ સર્જીકલ સ્ટ્રાઇક ચાલુ થઇ ચુકી છે.

### કેસોની સંખ્યા ૮૦૦ની આસપાસ પહોંચી ગઈ

# સ્વાઈન ફ્લુનો કહેર જારી રહ્યો : વધુ બેના મોત થયા

## સ્વાઈન ફ્લુથી પાલિતાણામાં મહિલાનું તેમજ બોટાદમાં આધેડનું સારવારમાં મોત : તંત્ર દ્વારા સાવચેતીના પગલા

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૩

ગુજરાતમાં સ્વાઈન ફ્લુથી વધુ બે લોકોના આજે મોત થયા હતા. જુદી જુદી જગ્યાઓએ જુદા જુદા શહેરોમાં અનેક નવા કેસો સપાટી પર આવ્યા હતા જે પૈકી વડોદરામાં ૧૩ પોઝિટિવ કેસો સપાટી ઉપર આવ્યા છે. પાલિતાણામાં એક મહિલાનું મોત થયું છે. બોટાદમાં એક આધેડનું મોત થયું છે. આની સાથે જ સ્વાઇન ફ્લુથી મોત થવાનો સિલસિલો જારી રહ્યો છે. સિઝનલ ફ્લુથી મોતના બનાવો વધતા તંત્રમાં ભાગદોડ મચી ગઈ છે. પ્રદેશમાં સ્વાઈન ફ્લુનો આતંક કાબૂ બહાર થયેલો છે. પહેલી જાન્યુઆરીથી લઈને આજે રવિવાર સુધી ૩૪ દિવસના ગાળામાં દર્દીઓની સંખ્યા ૮૦૦થી પણ ઉપર પહોંચી ગઈ છે. ગઈકાલે ૪૪ નવા દર્દીઓ નોંધાયા બાદ આજે રવિવારના દિવસે પણ નવા કેસો નોંધાયા હતા. બેના મોત થયા હતા. અમદાવાદમાં સૌથી વધારે સ્વાઈન ફ્લુના કેસ સપાટી ઉપર આવી રહ્યા છે. ઉપરાંત સુરત, વડોદરા, જુનાગઢ મનપામાં પણ કેસ સપાટી ઉપર આવ્યા છે. આ વર્ષે રાજ્યમાં સ્વાઈન ફ્લુના દર્દીઓની સંખ્યા ૭૯૦થી પણ ઉપર પહોંચી ચુકી છે. બિનસત્તાવારરીતે આંકડો ૮૦૦થી ઉપર છે. ૪૪૪થી વધુ દર્દીઓ પુરતી સારવાર લીધા બાદ સ્વસ્થ થઈને ઘરે જતાં રહ્યા છે જ્યારે આશરે ૨૯૯ દર્દીઓ સારવાર હેઠળ છે. સારવારના ગાળા દરમિયાન જ ૪૦ દર્દીઓના મોત થઇ ચુક્યા છે. સ્વાઈન ફ્લુને રોકવા માટે તંત્ર તરફથી તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસો સપાટી ઉપર આવી રહ્યા છે. સિઝનલ ફ્લુના કારણે અનેક દર્દીઓ સરકારીની સાથે સાથે ખાનગી હોસ્પિટલમાં પણ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે. વડોદરા અને અમદાવાદમાં સ્વાઈનફ્લૂનો આતંક વધારે દેખાઈ રહ્યો છે. સ્વાઈન ફ્લૂથી બચવા માટે તંત્ર દ્વારા અલગ વ્યવસ્થા અમદાવાદ સહિતના મહાનગરપાલિકા વિસ્તારમાં જુદી જુદી હોસ્પિટલમાં કરવામાં આવી છે. ગયા વર્ષે સ્વાઈન ફ્લૂના મોટી સંખ્યામાં કેસો નોંધાયા હતા. તંત્ર દ્વારા આંકડા પણ જારી કરવામાં આવ્યા હતા. દેશના સ્વાઈન ફ્લૂ ગ્રસ્ત સૌથી વધારે આંકડા ધરાવતા રાજ્યોમાં ગુજરાત પણ સામેલ રહ્યું હતું. રાજસ્થાન સહિતના રાજ્યોમાં સ્વાઈન ફ્લૂના કેસો સપાટી પર આવી ચુક્યા છે.

# સ્વાઈન ફ્લૂનો આતંક...

**અમદાવાદ, તા.૩**

**ગુજરાતમાં સ્વાઈન ફ્લૂનો આતંક વધી રહ્યો છે. દરરોજ નવા નવા લોકો સ્વાઈન ફ્લૂના સકંજામાં આવી રહ્યા છે. આજે વધુ ચાર લોકોના સ્વાઈન ફ્લૂના કારણે મોત થતા ખળભળાટ મચી ગયો હતો. કિલર બનેલા સ્વાઈન ફ્લુના કારણે લોકોમાં પણ દહેશત છે. નવા વર્ષમાં સ્વાઈન ફ્લૂનું ચિત્ર નીચે મુજબ છે.**

| | |
|---|---|
| સ્વાઈન ફ્લૂના કુલ કેસ | ૭૮૧થી વધુ |
| સ્વાઈન ફ્લૂથી મોત | ૪૦થી વધુ |
| સારવાર હેઠળ લોકો | ૨૯૦થી વધુ |
| સ્વસ્થ થયેલા લોકો | ૪૪૪થી વધુ |
| ૨૪ કલાકમાં મોત | ૨ |
| વડોદરામાં પોઝિટિવ કેસ | ૧૦ |